RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 27* Date: 16.11.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઈન્ડોનેશિયા સાથે અમારો સંબંધ હજારો વર્ષ જૂનો છે: મોદી

**ભારતમાં જ્યારે ભવ્ય રામ મંદિરનો પાયો નાખવામાં આવે છે ત્યારે ઈન્ડોનેશિયાની રામાયણ યાદ આવે છે**



બાલી,તા.૧૫

ઈન્ડોનેશિયાના બાલીમાં આજથી જી-૨૦ સમિટ શરૂ થઈ ગઈ છે. PM મોદીએપોતાના ભાષણની શરૂઆતમાં ઈન્ડોનેશિયા અને ભારત વચ્ચેના હજાર વર્ષ જૂના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું- ઈન્ડોનેશિયા અને બાલી આવ્યા પછી દરેક ભારતીયની લાગણી અલગ જ હોય છે. હું પણ એ જ લાગણીને અનુભવું છું. ઈન્ડોનેશિયા સાથેનો અમારો હજારો વર્ષો જુનો સંબંધ છે. અમે હજારો વર્ષોથી આ પરંપરાને નીભાવી રહ્યા છીએ.

મોદીએ સંબોધન કરતા કહ્યું- અમે બાલીમાં છીએ અને અહીંથી દોઢ હજાર કિલોમીટર દૂર કટકમાં બાલી જાત્રા (પ્રવાસ) ચાલી રહી છે. અમે ઘણીવાર વાતચીતમાં કહીએ છીએ - તે એક નાનું વિશ્વ છે. દરિયાના મોજાએ બંને દેશો વચ્ચેના સંબંધોને જીવંત બનાવી રાખ્યા છે. અહીંના વિકાસમાં ભારતીયો સહયાત્રી તરીકે રહ્યા છે.

મોદીએ કહ્યું, અમે ઈન્ડોનેશિયાના એક કલાકારને પદ્મશ્રી એનાયત કર્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવન તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. તેઓ કહેતા હતા - ભારતની સૌથી મોટી વિશેષતા અતિથિ દેવો ભવઃ છે. ઈન્ડોનેશિયાના લોકોનો લગાવ પણ ઓછો નથી. છેલ્લી વાર જ્યારે હું અહીં આવ્યો હતો ત્યારે મેં રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે પતંગ ચગાવી હતી. મને ગુજરાતમાં મકરસંક્રાંતિ પર પતંગ ઉડાડવાનો ઘણો અનુભવ છે. આપણે સુખ અને દુઃખના સાથી છીએ. ૨૦૧૮માં જયારે અહીં ભૂકંપ આવ્યો ત્યારે અમે ઓપરેશન સમુદ્ર મૈત્રીની શરૂઆત કરી હતી. અમે ૯૯ નોટિકલ માઈલ દૂર નથી, અમે ૯૯ નોટિકલ માઈલ નજીક છીએ. ભારતમાં હિમાલય છે તો અહીં આગુંગ છે. ભારતમાં ગંગા છે તો બાલીમાં પણ ગંગા છે. અહીં પણ ભગવાન ગણેશ દરેક ઘરમાં બિરાજમાન છે. અગણિત વસ્તુઓ આપણને સાથે રાખે છે. અહીંના લોકો મહાભારત સાથે મોટા થાય છે.

ભારતમાં જ્યારે ભવ્ય રામ મંદિરનો પાયો નાખવામાં આવે છે ત્યારે ઈન્ડોનેશિયાની રામાયણ યાદ આવે છે. અહીં ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે જે તેના જીવનમાં એકવાર પણ અયોધ્યા જવાની ઈચ્છા ન રાખતો હોય. એક વર્ષમાં ૫ લાખ ભારતીયો અહીં આવ્યા. જ્યારે વારસો વહેંચવામાં આવે છે, ત્યારે વિકાસના રસ્તાઓ પણ બનતા જાય છે.અમારી આઝાદી ૧૫મી ઓગસ્ટ છે અને ઈન્ડોનેશિયાની ૧૭મી ઓગસ્ટ છે. ઈન્ડોનેશિયા બે વર્ષ વહેલાં સ્વતંત્ર થયું હતું. આપણા બંનેની પાસે એક-બીજાને આપવા માટે ઘણું બધું છે.

વિશ્વની અસંખ્ય કંપનીઓના સીઈઓ ભારતીય છે. ૧૦ માંથી એક યુનિકોર્ન ભારતનો છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનના મામલે અમે નંબર વન છીએ. ૨૦૧૪ પહેલા અને ૨૦૧૪ પછીના ભારત વચ્ચે ઘણો તફાવત છે. મોટો ફરક મોદીનો નથી, કૌશલ્ય અને ઝડપનો છે. સ્ટેચ્યુ હોય કે સ્ટેડિયમ, સૌથી મોટું અમે જ બનાવ્યા.

અમે અમેરિકાની કુલ વસ્તી છે, એટલા તો અમે બેંક ખાતા ખોલાવ્યા છે. અમે ૩ કરોડ ઘર બનાવ્યા છે, જેનો અર્થ છે કે ઓસ્ટ્રેલિયાના દરેક નાગરિકને ઘર મળી જાય. ૫૫ હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. જે આ સમગ્ર પૃથ્વીની આસપાસ દોઢ ચક્કર લગાવવા બરાબર છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાના બાલીમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં સૌને શુભેચ્છા પાઠવી હતી. લોકોએ 'મોદી, મોદી'ના નારા લગાવ્યા હતા.મોદીએ કહ્યું- મેં વારંવાર કહ્યું છે કે આપણે યુક્રેનમાં યુદ્ધવિરામ અને કૂટનીતિનો માર્ગ અપનાવવો જોઈએ. છેલ્લી સદીમાં, WWII એ વિશ્વ પર કહેર મચાવ્યો. જે બાદ તે સમયના નેતાઓએ શાંતિનો માર્ગ અપનાવવાનો પ્રયાસ કર્યો હતો. હવે આપણો વારો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાના બાલીમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા કહ્યું કે ભારતની પ્રતિભા, ટેક્નોલોજી, ઈનોવેશન, ઈન્ડસ્ટ્રીએ આજે દુનિયામાં પોતાની ઓળખ બનાવી છે. હવે ભારત નાનું વિચારતું જ નથી. સૌથી મોટી પ્રતિમા બનાવી, સૌથી મોટું સ્ટેડિયમ બનાવ્યું. ૧૦ માંથી એક યુનિકોર્ન ભારતનો હોય છે.

૨૦૧૪ થી, અમેરિકાની કુલ વસ્તીની બરાબર બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. ૨૦૧૪ પહેલા અને હવેના ભારત વચ્ચે તફાવત છે. આજે ભારત ઝડપ અને સ્કેલ પર કામ કરી રહ્યું છે. આજે ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ૨૦૧૪ પહેલા અને ૨૦૧૪ પછી ભારતમાં ઝડપ અને સ્કેલમાં ઘણો ફરક છે. આજે ભારત અભૂતપૂર્વ ઝડપે કામ કરી રહ્યું છે. અભૂતપૂર્વ સ્કેલ પર કામ કરી રહ્યું છે.

## યુએન જેવી સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે. એટલા માટે આપણે બધાએ સાથે મળીને યુક્રેનમાં યુદ્ધ રોકવાનો માર્ગ શોધવાનો છે

નવીદિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦ સમિટ દરમિયાન ફૂડ એનર્જી સિક્યુરિટી સેશનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે કોરોના અને યુક્રેન યુદ્ધને કારણે વિશ્વની સપ્લાય ચેન પ્રભાવિત થઈ છે. જેના કારણે વિશ્વમાં વિનાશ ફેલાયો છે. તેમણે કહ્યું કે યુએન જેવી સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે. એટલા માટે આપણે બધાએ સાથે મળીને યુક્રેનમાં યુદ્ધ રોકવાનો માર્ગ શોધવાનો છે.




વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વૈશ્વિક વિકાસ માટે ભારતની ઊર્જા સુરક્ષા મહત્વપૂર્ણ છે. કારણ કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. "આપણે ઊર્જાના પુરવઠા પર કોઈ પ્રતિબંધને પ્રોત્સાહન ન આપવું જોઈએ અને ઊર્જા બજારમાં સ્થિરતા સુનિશ્ચિત કરવી જોઈએ," તેમણે કહ્યું. ૨૦૩૦ સુધીમાં આપણી અડધી વીજળી રિન્યુએબલ સ્ત્રોતોમાંથી પેદા થશે, એમ તેમણે જણાવ્યું હતું.

વધુમાં, ભારતમાં ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે, અમે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને બાજરી જેવા પૌષ્ટિક અને પરંપરાગત ખાદ્ય પદાર્થોને ફરીથી વસાવી રહ્યા છીએ. બાજરી વૈશ્વિક કુપોષણ અને ભૂખને પણ સંબોધિત કરી શકે છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજની ખાતરની અછત આવતીકાલની ખાદ્ય સંકટ છે, જેના માટે વિશ્વ પાસે કોઈ ઉકેલ નથી. ખાતર અને અનાજ બંનેની સપ્લાય ચેઈન સ્થિર અને ખાતરીપૂર્વક રાખવા માટે આપણે પરસ્પર સમજૂતી કરવી જોઈએ. પીએમે કહ્યું, મેં હંમેશા કહ્યું છે કે આપણે યુક્રેનમાં યુદ્ધવિરામનો રસ્તો શોધવો પડશે અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવું પડશે. છેલ્લી સદીમાં, બીજા વિશ્વયુદ્ધે વિશ્વમાં તબાહી મચાવી દીધી હતી, ત્યારબાદ તે સમયના નેતાઓએ શાંતિનો માર્ગ અપનાવવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. હવે આપણો વારો છે.પીએમ નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ સમિટ દરમિયાન કહ્યું કે દુનિયાની સમસ્યાઓને પહોંચી વળવામાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ નિષ્ફળ રહ્યું છે. આપણે તેમાં પૂરતો સુધારો કરી શક્યા નથી. નામ લીધા વગર પ્રધાનમંત્રીએ અમેરિકા અને યુરોપના દેશોને શિખામણ આપતા કહ્યું કે આપણે એનર્જીના સપ્લાય પર કોઈ પણ પ્રકારના પ્રતિબંધોને પ્રોત્સાહન આપવું જોઈએ નહીં. રશિયા યુક્રેન બાદ અમેરિકા અને યુરોપના દેશ અનેક પ્રકારના પ્રતિબંધ લગાવી રહ્યા છે. તેનો ઉલ્લેખ પણ પીએમ મોદીએ કર્યો છે. તેમણે કહ્યું કે દુનિયાને જી-૨૦ પાસેથી ખુબ આશાઓ છે.

પીએમ મોદીએ કહ્યું કે ક્લાઈમેટ ચેન્જ, કોવિડ મહામારી, યુક્રેનનો ઘટનાક્રમ અને તેની સાથે જોડાયેલી વૈશ્વિક સમસ્યાઓએ મળીને દુનિયામાં તબાહી મચાવી દીધી છે. ગ્લોબલ સપ્લાય ચેન્સ વેર વિખેર થઈ ગઈ છે. સમગ્ર દુનિયામાં જિંદગી માટે જરૂરી ચીજોના સપ્લાયનું સંકટ બનેલું છે. દરેક દેશના ગરીબ નાગરિકો માટે પડકાર વધુ ગંભીર છે. તેઓ પહેલેથી જીવનમાં ઝઝૂમી રહ્યા હતા. તેમની પાસે બેવડા માર સામે ઝૂઝવાની આર્થિક ક્ષમતા નથી.

પીએમ મોદીએ કહ્યું કે આપણે એ વાતને સ્વીકારવામાં જરાય સંકોચ કરવો જોઈએ નહીં કે સંયુક્ત રાષ્ટ્ર જેવી મલ્ટીલેટરલ સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે અને આપણે બધા તેમાં જરૂરી સુધારો કરવામાં પણ નિષ્ફળ રહ્યા છીએ. આથી આજે જી-૨૦ પાસે વિશ્વને વધુ અપેક્ષાઓ છે, આપણા સમૂહની પ્રાસંગિકતા વધી છે. પીએમએ કહ્યું કે આપણે યુક્રેનમાં સંઘર્ષ વિરામ અને ડિપ્લોમેસીના રસ્તે પાછા ફરવાનો રસ્તો શોધવો પડશે. ગત શતાબ્દીમાં બીજા વિશ્વ યુદ્ધે વિશ્વમાં કેર વર્તાવ્યો હતો. ત્યારબાદ તે સમયના નેતાઓએ શાંતિનો રસ્તો પકડવાનો ગંભીર પ્રયત્ન કર્યો. હવે અમારો વારો છે. પોસ્ટ-કોવિડ કાળ માટે એક નવા વર્લ્ડ ઓર્ડરની રચના કરવાની જવાબદારી આપણા ખભે છે. તેમણે કહ્યું કે સમયની માંગણી છે કે આપણે વિશ્વમાં શાંતિ, સદભાવ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઠોસ અને સામૂહિક સંકલ્પ દેખાડીએ. મને વિશ્વાસ છે કે આગામી વર્ષ જ્યારે જી૨૦ બુદ્ધ અને ગાંધીની પવિત્ર ભૂમિ પર મળશે ત્યારે આપણે બધા સહમત થઈને, વિશ્વને એક મજબૂત શાંતિ સંદેશ આપીશું. જી૨૦ના મંચથી પીએમ મોદીએ કહ્યું કે મહામારી દરમિયાન ભારતે પોતાના ૧.૩ બિલિયન નાગરિકોની ફૂડ સિક્યુરિટી સુનિશ્ચિત કરી. આ સાથે જ અનેક જરૂરિયાતવાળા દેશોને પણ ખાણી પીણીનો સામાન સપ્લાય કર્યો. ફૂડ સિક્યુરિટીના સંદર્ભમાં ફર્ટિલાઈઝર્સની વર્તમાન અછત પણ એક મોટું સંકટ છે. આજે ફર્ટિલાઈઝર્સની અછત કાલની ફૂડ ક્રાઈસિસ છે. જેનું સમાધાન વિશ્વ પાસે નહીં હોય. તેમણે કહ્યું કે આપણે ખાતર અને ખાદ્યાન્ન બંનેની સપ્લાય ચેન્સને સ્થિર અને આશ્વાસ્ત રાખવા માટે પરસ્પર સહમતિ બનાવવી જોઈએ. ભારતમાં સતત ફૂડ સિક્યુરિટી માટે આપણે નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને મિલેટ્સ જેવા પૌષ્ટિક અને પરંપરાગત આહારને ફરીથી લોકપ્રિય બનાવી રહ્યા છીએ. મિલેટ્સથી વૈશ્વિક માલન્યૂટ્રિશિયન અને ભૂખમરાનું પણ સમાધાન થઈ શકે છે.

## મૈનપુરી બેઠક પર અપર્ણા યાદવને ટિકિટ આપવી કે નહીં તે પાર્ટી નકકી કરશે : કેન્દ્રીય મંત્રી



લખનૌ,તા.૧૫

સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમસિંહ યાદવના નિધનથી ખાલી પડેલી બેઠક પર પેટાચુંટણીમાં રસપ્રદ મુકાબલો જોવા મળી શકે છે.અખિલેશ યાદવે પોતાની પત્ની ડિંપલ યાદવને મૈનપુરી બેઠક પરથી ચુંટણી લડાવવાનો નિર્ણય કર્યો છે.રાજકીય નિષ્ણાંતો અનુસાર ડિંપલ યાદવનો મુકાબલો યાદવ પરિવારની એક અન્ય વહૂ અપર્ણા યાદવને ભાજપ ઉમેદવાર બનાવી શકે છે અપર્ણાને ભાજપથી ટિકિટ આપવાના સવાલ પર યુવીના એક મંત્રીએ જવાબ આપ્યો હતો.

મૈનપુરી પેટાચુંટણી માટે ભાજપ મંથન કરી રહી છે પરંતુ અત્યાર સુધી ઉમેદવારના નામની જાહેરાત કરી નથી આ દરમિયાન યુપી સરકારમાં મંત્રી જયવીર સિંહને જયારે અપર્ણા યાદવને ટિકિટ આપવાના સવાલ પુછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે આ પાર્ટી નક્કી કરશે

મંત્રી જયવીરે કહ્યું કે પહેલા મૈનપુરીમાં જીતનું અંતર લાખોમાં હતો પરંતુ ગત ચુંટણીમાં આ અંતર હજારોમાં આવી ગયો હતો જયારે ભાજપથી કોઇ દિગ્ગજ નેતા ચુંટણી પ્રચાર માટે મૈનપુરી આવશે નહીં જયવીરે આગળ કહ્યું કે જો શિવપાલ યાદવ ભાજપની સાથે આવશે તો અમારી જીતનું અંતર નિશ્ચિત રીતે મોટું હશે અને જો અમારી પક્ષમાં ન આવે તો પણ અમે જીતીશું

સપા માટે મૈનપુરી બેઠક પારંપરિક બેઠક માનવામાં આવે છે અહીંથી ૧૯૯૬થી સપાના ઉમેદવાર ચુંટાઇ આવે છે ૧૦ ઓકટોબરે મુલાયમસિંહ યાદવના નિધન બાદ આ બેઠક ખાલી પડી હતી મૈનપુરી બેઠક પર પેટાચુંટણી માટે મતદાન ૫ ડિસેમ્બરે યોજાનાર છે.જો કે સપાના સુત્રોના જણાવ્યા અનુસાર અપર્ણા ડિંપલની સામે ચુંટણી લડશે નહીં. અપર્ણાના પતિએ તાજેતરમાં જ જણાવ્યું હતુ કે મુલાયમસિંહ યાદવની રાજકીય વિરાસત અખિલેશ ભૈયા જ સંભાળશે.

## કેન્દ્રીય બજેટઃ મનરેગા ને વધારાના રૂપિયા ૨૫,૦૦૦ કરોડ ફાળવશે

નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા આગામી કેન્દ્રીય બજેટ માટેની તૈયારી હવે ઝડપી બનાવી દેવામાં આવી છે અને બેઠકોના દોર સતત ચાલી રહ્યા છે અને મોટાભાગે રાહતો અને પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવા માટેની ચર્ચા વિચારણા થઈ રહી છે. એ જ રીતે દેશમાં રોજગાર આપવા માટેની સૌથી મોટી યોજના મનરેગા ને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે અને તેના ભાગરૂપે નાણામંત્રાલયના વર્તુળોએ મીડિયાને એવી માહિતી આપી છે કે મનરેગાને વધારાના રૂપિયા ૨૫,૦૦૦ કરોડની રકમ ફાળવી દેવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય વિકાસ મંત્રાલય દ્વારા મનરેગાને વધુ ફાળવણી કરવા અંગેની માગણી અનેકવાર કરવામાં આવી હતી અને દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી અને તેનો નાણામંત્રાલય દ્વારા સ્વીકાર કરી લેવામાં આવ્યો છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩ માટે આ વધારાની ફાળવણી કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

દરમિયાન મનરેગા અને સતત વધુ ફાળવણી કરવામાં આવી છે અને વધુમાં વધુ ગરીબ લોકોને રોજગાર મળે તે માટે તેને વધુ મજબૂત બનાવવામાં આવી છે અને આગામી દિવસોમાં પણ આ પગલા ચાલુ જ રાખવામાં આવશે.

દરમિયાનમાં નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે પણ ડીસ ઈન્વેસ્ટમેન્ટ નો ટાર્ગેટ વધેલો જ રહેશે તેવી સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

## પીએમ મોદીએ બિરસા મુંડા જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી, 'દેશના મહાન સપૂત' ગણાવ્યા

નવીદિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે બિરસા મુંડા જન્મજયંતિ નિમિતે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પીએમ મોદીએ સ્વતંત્રતા ચળવળ અને આદિવાસી સમાજના હિતોની રક્ષા માટે લડતમાં તેમના યોગદાનને યાદ કર્યું. આ સાથે પીએમ મોદીએ બિરસા મુંડાને 'દેશના મહાન પુત્ર' ગણાવ્યા હતા. વડાપ્રધાને કહ્યું કે ગુજરાત સરકાર વનબંધુઓના વિકાસ માટે સતત કાર્યરત છે. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રોડ, શિક્ષણ, આરોગ્ય, રોજગારીની સુવિધાઓ વધારી છે. આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાનની શાળાઓ અને બે યુનિવર્સિટી બનાવી છે. તો આદિવાસી માતા-બહેનો સુધી વિકાસના અનેક લાભ પહોંચ્યા છે. ગુજરાત સરકારે અંગ્રેજો સમયના કેટલાક કાયદા દૂર કરીને પણ વનબંધુઓને ફાયદો પહોંચાડવાનો સતત પ્રયાસ કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડના રાંચીમાં બિરસા મુંડા સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું. આ દેશનું પ્રથમ જનજાતિય સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે અંગ્રેજોની સત્તાને આદિવાસી યુવક-યુવતીઓએ હંમેશા પડકારી છે. દેશભરમાં આદિવાસી પરંપરા અને શૌર્યગાથાને ભવ્ય ઓળખ આપતા ૯ સંગ્રહાલયોનું કામ નિર્માણાધીન છે. વડાપ્રધાને આદિવાસી યુવક-યુવતીઓને ભવ્ય સાંસ્કૃતિક વારસા, પરંપરા, યુદ્ધોમાં વિજયનું આલેખન કરવા આહવાન કર્યું. ગુજરાતના રાજપીપળામાં પણ જનજાતિય સંગ્રહાલય આગામી થોડા સમયમાં જનતાને સમર્પિત કરાશે. ભગવાન બિરસા મુંડાની જયંતી જનજાતીય ગૌરવ દિવસ રૂપમાં ઉજવવાની પીએમ મોદીએ જાહેરાત કરી.

આપણા આદિવાસી ભાઈ-બહેનોએ અંગ્રેજી શાસકોને, વિદેશી તાકતોને બતાવી આપ્યું હતું કે સ્વાભિમાન શું હોય છે, સામર્થ્ય શું હોય છે, પ્રકૃતિ અને પરંપરા માટે પ્રેમ શું હોય છે અને જીવનના અંત સુધી મુલ્યો માટે અને દેશની આઝાદી માટે કેવી રીતે લડી શકાય છે બિરસા મુંડાને 'દેશના મહાન પુત્ર' ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે આજે આખો દેશ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ શ્રધ્ધા અને સન્માન સાથે ઉજવી રહ્યો છે. દેશના મહાન ક્રાંતિકારી, મહાન સપૂત ભગવાન બિરસા મુંડાને હું આદરપૂર્વક નમન કરું છું. તેઓ માત્ર આપણી રાજકીય સ્વતંત્રતાના હીરો જ નહોતા, પરંતુ તેઓ આપણી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉર્જાના વાહક પણ હતા.

અમારા માટે 'જનજાતીય ગૌરવ દિવસ' એ સાચા અર્થેમાં આદિવાસી સમુદાયના ઉત્કર્ષ અને મંગલને સિધ્ધ કરવાનો અવસર છે. "વનબંધુ કલ્યાણ યોજના" જેવા હિતકારી પ્રકલ્પો દ્વારા સૌનો સાથ-સૌનો વિકાસ એજ અમારો ધ્યેય બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે પીએમ મોદીએ ટ્વિટર પર જાહેર કરેલા તેમના વીડિયો સંદેશમાં કહ્યું કે હું મારી સરકારનું સૌભાગ્ય માનું છું કે તેમને ૧૫ નવેમ્બર (બિરસા મુંડાની જન્મ જયંતિ)ને આદિવાસી ગૌરવ દિવસ તરીકે જાહેર કરવાની તક મળી. અંગ્રેજો સામે વિદ્રોહનું નેતૃત્વ કરનાર પ્રતિષ્ઠિત આદિવાસી નેતા બિરસા મુંડાની જન્મજયંતિ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

# રાજ્યોની નિષ્ફળતા

રાષ્ટ્રીય માનવાધિકાર પંચે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પરાળ બાળવા બદલ ખેડૂતોને દોષ આપવાને બદલે જે રીતે ત્યાંની રાજ્ય સરકારોને જવાબદાર ગણાવી તે ઘણી હદે સાચું છે. ખેડૂતો એટલા માટે પરાળ બાળે છે, કારણ કે રાજ્ય એવી કોઈ વ્યવસ્થા ન કરી શક્યું, જેનાથી તે એવું કરવાથી બચી શકે. રાજ્ય સરકારો એનાથી પરિચિત હતી કે હંમેશની જેમ આ વર્ષે પણ ઓક્ટોબર શરૂ થતાં જ ખેડૂતો પરાળ બાળવાનું શરૂ કરી દેશે, પરતું તેમણે એવી કોઈ જ સાવચેતી ન રાખી કે જેનાથી પરાળ બાળવાની જરૂર ન પડે. પરિણામ એ થયું કે દિવાળી બાદ દિલ્હી-એનસીઆરની સાથે જ ઉત્તર ભારતના એક મોટા હિસ્સાનું પર્યાવરણ ઝેરી થતું ગયું. ચિંતાજનક એ છે કે પરાળ હજુ પણ બાળવામાં આવે છે. ભલે પરાળ દહન વિષાક્ત પર્યાવરણ માટે એકમાત્ર કારણ ન હોય, પરંતુ એટલું તો છે જ કે આ હવામાનમાં પરાળ દહનથી પેદા થયેલ ધૂમાડો વાયુ પ્રદૂષણનું એક મોટું કારણ બને છે.

એ જાણવું મુશ્કેલ છે કે માનવાધિકાર પંચ તરફથી પરાળ બાળવા માટે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશને જવાબદાર ઠેરવ્યા બાદ આ રાજ્યોની સરકારો પરાળ દહનને રોકવા માટે પ્રભાવી પગલાં ઉઠાવશે કે નહીં, કારણ કે વીતેલાં વર્ષોમાં એવું જ જોવા મળ્યું છે કે જેવું પરાળ બાળવાનું બંધ થઈ જાય છે એવી જ રાજ્ય સરકારો એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે એવી વ્યવસ્થા કરવામાં આવશે કે આગામી વર્ષે પરાળ બાળવામાં નહીં આવે. ખબર નહીં ક્યારથી આ સાંભળવા મળી રહ્યું છે, પરંતુ પરિણામ શૂન્ય જ રહ્યું છે. આ મામલે સૌથી નિરાશાજનક વલણ પંજાબ સરકારનું છે. અન્ય રાજ્યો તો તેમ છતાં ય પરાળ દહન પર એક હદ સુધી રોક લગાવી, પરંતુ પંજાબ તો સંપૂર્ણ રીતે નિષ્ફળ રહ્યું. આ નિષ્ફળતાનું એક મોટું કારણ તેની શિથિલતા રહી અને બીજું, ખેડૂતોનું વલણ. તેમણે એ જાણવા છતાં પણ પરાળ બાળ્યું કે તેનાથી પર્યાવરણ વિષાક્ત થવાની સાથે જ લોકોના સ્વાસ્થ્ય માટે ખતરો પેદા થાય છે. માનવાધિકાર પંચ તરફથી ખેડૂતોને ક્લીનચિટ આપ્યા બાદ ખતરો એનો છે કે ક્યાંક તે એવું ન માની બેસે કે તેમના દ્વારા કશું જ ખોટું નથી કરવામાં આવતું. યોગ્ય એ રહેશે કે રાજ્ય સરકારો જ્યાં એવી વ્યવસ્થા કરે કે ખેડૂત ખેતરોમાં પરાળ બાળવા માટે મજબૂર ન થાય, ત્યાં જ એ ખેડૂતો પર લગામ પણ લગાવે, જેઓ વૈકલ્પિક ઉપાય અજમાવવાને બદલે જાણીજોઈને પરાળ બાળે છે. પરાળ બાળવા મામલે માનવાધિકાર પંચની સક્રિયતા યોગ્ય જ છે, કારણ કે વાયુ પ્રદૂષણ લોકોના જીવનું દુશ્મન બની ગયું છે, પરંતુ એની અવગણના ન કરી શકાય કે પરાળ બાળવું અને તેને કારણે પર્યાવરણનું ઝેરી બનવું સરકારોની સામૂહિક નિષ્ફળતા છે. આ નિષ્ફળતાના મૂળમાં તેમનું ખાનાપૂર્તિનું વલણ જવાબદાર છે.

## મધ્યાહન ભોજનમાં નીકળ્યા જીવડાં, વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી તો પ્રિન્સિપાલે કહ્યું- તેમાં વિટામિન છે

પટણા,તા.૧૫

શાળાઓમાં પીરસવામાં આવતા મધ્યાહન ભોજનની ગુણવત્તાને લઈ અવારનવાર સવાલો ઉભા થઈ રહ્યા છે. તો અનેક વાર ભોજનમાંથી જીવાત નીકળવાની ઘટનાઓ પણ સામે આવી છે. હવે બિહારની એક શાળામાં પીરસવામાં આવતા મધ્યાહન ભોજનમાંથી જીવાત નીકળી છે. બાળકોએ આચાર્યને ફરિયાદ કરી તો બાળકોને જ ધમકાવ્યા હતા. અને કહ્યું તેમાં વિટામિન છે શાંતિથી ખાઈ લો.

પ્રાપ્ત વિગતો અનુસાર બિહારના વૈશાલી જિલ્લામાંથી શાળાના મધ્યાહન ભોજનમાંથી જીવાત મળી આવતાં બાળકોએ આચાર્યને ફરિયાદ કરી હતી. પરંતુ, પ્રિન્સિપાલે તેના પર કાર્યવાહી કરવાને બદલે બાળકોને કહ્યું કે જંતુઓમાં વિટામિન હોય છે, તેને શાંતિથી ખાઓ. એટલું જ નહીં, જયારે વિદ્યાર્થીઓએ તેને ખાવાની ના પાડી તો પ્રિન્સિપાલે તેમાંથી એકનો હાથ તોડી નાખ્યો. આ પછી શાળામાં હોબાળો મચી ગયો હતો. આ મામલે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

વાસ્તવમાં, આ મામલો જિલ્લાના લાલગંજ અતાતુલ્લાપુર સ્થિત એક મિડલ સ્કૂલનો છે. શનિવારે વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન પીરસવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ જમવાનું શરૂ કર્યું કે તરત જ તેમને ભાતમાં કીડા જોવા મળ્યા. વિદ્યાર્થીઓએ આ વાત શાળાના આચાર્ય મોહમ્મદ મિસવાઉદ્દીનને કરી હતી. પરંતુ, પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને કહ્યું, જંતુઓમાં વિટામિન હોય છે, તેને શાંતિથી ખાઓ. આચાર્યનો આ જવાબ સાંભળીને વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા. જયારે વિદ્યાર્થીઓએ તેને ખાવાની ના પાડી તો પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને માર મારવાનું શરૂ કર્યું.

તેલ લેવા જાય
મગજની સોંચ કરાવવી પડશે
તેવું લાગે છે.
કર્ણની વિધ્યા વિપદવેળાએ વિસ્મૃત થયેલ,
તેમ અણીના સમયે મગજ દગો દે છે.
કોઈ કરૂણ પ્રસંગે,
રડવાના બદલે,
ચંદ્રકાંતા સિરિયલના
વિલન યકુ કે
મોગેમ્બોની જેમ ખુશ થાય છે!!
સજ્જનની જેમ વર્તવાના બદલે,
અજીત કે ગબ્બરસિંહ માફક ,
શૈતાની કરે છે!!
આજકાલ,
જીઈબીની માફક,
પાવરકટમાં ફસાયેલ છે.
ચોમાસામાં પાપડ હવાઈ જાય તેમ
મગજ હવાઈ ગયું છે,
મગજ ઘરાઇ ગયું છે!!
એમ થાય છે કે ,
મગજને મહીંથી કાઢીને,
હોડી બનાવી વરસાદના વહેતા પાણીમાં વહેડાવી દઉં!!
પછી મૂક સ્વરે ગાઉં,
વો કાગજ કી કસ્તી,
વો બારીસ કા પાની,
તેલ લેવા જાય!!!
ભરત વૈષ્ણવ
૧૫.૧૧.૨૦૨૨.# કવિતા

# લગ્નની કંકોતરીમાં નામ લખ્યું તો ભડાકે દઇશ!!

લગ્ન એક કોમેડી શો છે. જેની અસર લોંગ લાસ્ટિંગ લાઇફ ટાઇમ છે!! ધી કપિલ શર્મા કે લાફટર ચેલેન્જ કરતાં પણ વધુ કોમિક વેલ્યુ ધરાવતો શો છે. એકતા કપૂરની સિરિયલ જેવા આરોહ,અવરોહ, થ્રિલ , સસ્પેન્સ, હોરર,જેવા તમામ એલિમેન્ટ મૌજુદ હોય છે. કોઇ છોકરા છોકરીની સગાઇ થાય એટલે સફર લગ્ન સુધી પહોંચશે તેની કોઇ ગેરંટી કે વોરંટી હોતી નથી. હોરર ફિલ્મમાં ભૂત, પ્રેત, ચૂડેલ, ડાકણ, જીનાત, ખવીસ ( આ વિલનોના નામ છે. જે ભૂતલોકમા વિધ્યમાન હોય છે. આમ, તો નરસિંહ મહેતા કહે છે તેમ નામરૂપ જુજવા હોય છે. અંતે તો હેમનું હેમ એટલે કે અતૃપ્ત વાસનાત્મક - વાયુસ્વરૂપ આત્મા હોય છે!!) પ્રવૃતિશીલ થાય છે. જેનો મકસદ સગાઈનો ધી એન્ડ થઇ જાય તેવો હોય છે!!

લગ્નમાં સૌથી વધુ પીડા, તકલીફ, મુશ્કેલી દીકરીનો બાપ ઉઠાવે છે. જયાં સુધી દીકરીની જાનને વિદાય ન થાય ત્યાં સુધી તેનો જીવ તાળવે ચોંટેલો હોય છે. જેને આધ્યાત્મિક ભાષામાં બ્રહ્મરંધ્રમાં કહેવાય છે!! છોકરાના બાપને જેન્તીલાલ જલ્સા કર જેવી પાંચે આંગળી ઘીમાં હોય છે!! લગ્ન માટેની આતુરતા, તીવ્રતા , તાલાવેલી માત્ર અને માત્ર વર અને કન્યાને હોય છે. જે બિચારા સારા કામમાં સો વિઘ્નોથી ફફડતા હોય છે.જો કે અંતે બાળ વાર્તાની જેમ ખાધું, પીધું ને તારાજ કર્યું એ ટાઇપનો હેપી એન્ડીંગ હોય છે. લડકે લોગ બજાવો તાલી!!

લગ્નમાં પહેલી બબાલ કયાં થાય તેની ખબર છે?? લગ્નની કંકોતરી ફાઇનલ કરવી એ મંગળ ગ્રહની યાત્રા પૂરી કરવા બરાબર છે. લગ્નની કંકોતરીમાં એટલા નામો લખેલા હોય છે કે એ લગ્નની કંકોતરી છે કે મતદારયાદી કે વસ્તી ગણતરીની યાદી છે તે ખબર પડતી નથી!!!

પુખ્ત વયની વ્યકિત કરતાં ટહુકો કરતા બાવીસ વરસના બાબા- બેબીની કાલીઘેલી-તોતલી ભાષાનું લિસ્ટ મોટું હોય છે. જેમ પ્રીય, પિયું ને પાનેતર નામના એવરગ્રીન નાટકમાં બાવીસ વરસનો બાબો નાટકના સિલ્વર જયુબિલી અસરમાં પણ બાવીસ વરસનો જ હતો, બોલો કાંઇ કહેવું છે??

લગ્નની કંકોતરીમાં કોના નામ લખવા અને કોના નામ ન લખવા એ ચૂંટણી સમયે ટિકિટ ફાળવવા કરતાં દુષ્કર છે. તમારા સગા દુશ્મન હોય, તમારી સાથે સાત પેઢીથી સંબંધ ન હોય છતાં તેનું નામ ન લખો એટલે એક વધુ મહાભારત લગ્નક્ષેત્રે કુરુક્ષેત્ર ખેલાય છે.

વાંકાનેર તાલુકાના ઠીકરીયાળી ગામે પુત્રના વિવાહ હોય અને તેની કંકોત્રીમાં આશરે ત્રાણેક વર્ષ અગાઉ છૂટાછેડા લઇ લીધેલી પત્ની (લગ્ન થાય છે તે પુત્રની સગી માતા)નું નામ ન હોય તે બાબતે પૂર્વ પત્નીએ આયોજક સાથે સાથે ઝગડો કર્યો હતો અને ત્યાર બાદ લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી.

કંકોત્રીમાં નામની પોઝીશન બાબતે પણ ખેંચતાણ રહે છે!! મારુ નામ નીચે કેમ લખ્યું અને પેલાનું નામ ઉપર કેમ લખ્યું એનું ઇતરેતર દ્વન્દ લગ્ન પૂરા થાય પછી પણ ચાલુ રહે છે!! શેકસપિયર કહે છે કે નામમાં શું રાખ્યું છે?? ધનજી નિર્ધન હોય છે. ચિરાયુ અલ્પાયુ હોય છે. નરસિંહ મહેતા પણ કહે છે કે ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા અંતે તો હેમનું હેમ હોય!!અલબત,લગ્નની કંકોત્રીમાં નામ ઉપરાંત બીજા મુદા પણ ફૂટબોલની જેમ ઉછળતા રહે છે. જેમ કે વરપક્ષને મળતી પહેરામણી પણ નારાજગીનું એપિસેન્ટર બની રહે છે!! લગ્ન પહેલાં, લગ્ન અને લગ્ન પછી ફોઇ-ફુઆ અસંતુષ્ટ વિધાયક કે કાર્યકરની ભૂમિકા ભજવે છે, જે શિરદર્દ બની રહે છે.તેમના માટે કોપભવનમાં દવાનું લસણ છોલવા જેટલું સરળ હોય છે!!

સરકારી કાર્યક્રમોમાં સામાન્ય રીતે વિપક્ષના વિધાયક કે સાંસદ સહિતના પદાધિકારીના બાદબાકી કરવામાં આવે છે, ઘણીવાર શાસકપક્ષના પદાધ્કારીના નામ મિસ્ટર ઇન્ડિયાની જેમ અદ્રશ્ય થાય ત્યારે સ્ફોટક પરિસ્થિતિ બંને છે!!આ વિવાદ અનંત અને નિરંતર ચાલે છે!!! કોઇ પક્ષ તલવાર મ્યાન કરતા નથી અને યુદ્ધવિરામ થતો નથી.એટલે જ કહેવાય છે કે સારા કામમાં સો વિઘ્નો. અલબત, દર વખતે સો વિઘ્નો આવે એ જરૂરી નથી ક્યારેક વિઘ્નો સોનો આંકડો પણ પાર કરે છે.ક્યારેક જમણવાર, ક્યારેક ફોટો આલ્બમ, ક્યારેક ડીજે, ક્યારેક રિસેપ્શન ,કંઇ વાતે કોને - કેવા પ્રકારનો, સ્થાયી કેનઅસ્થાયી વાંધો પડશે તે કોઇ જ્યોતિષી પણ ગ્રહોની ચાલ જોઇને આગાહી કરી શકે નહીં. કંકોત્રીમાં નામ ન લખવાના કારણે વેરના વાવેતર થાય .પણ કંકોત્રીમાં નામ લખશો તો જોયા જેવી થશે!!તેવી ધમકી આપી. મુકેશભાઈના પુત્રના ફેબુઆરી-૨૦૨૩માં લગ્ન હોવાથી આમંત્રણ પત્રીકા છપાવવાની તૈયારી ચાલતી હતી. કીર્તીભાઈના પિતા ફરિયાદીના કાકા થતા હોવાથી તેઓ પુત્રના લગ્નની કંકોત્રીમાં કાકાનું નામ લખવા માંગતા હતા. બીજી તરફ કીર્તીભાઈ તેમના પિતાનું નામ લગ્નની કંકોત્રીમાં ના લખવા માટે ફરિયાદીને જણાવતા હતા. આ બાબતે ફરિયાદી મુકેશભાઈએ કીર્તીભાઈને સમજાના આગેવાનો મારફતે સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ માન્યા ન હતા. દરમિયાનમાં કીર્તીભાઈએ ફરિયાદીને ફોન કરી અપશબ્દો બોલી ધમકી આપી કે, મારા પિતાનું નામ તારે છોકરાના લગ્નની કંકોત્રીમાં છપાવ્યું તો ભડાકે દઇ દઇશ!!!!!

બોલો, લગ્ન લેનાર કરે તો કયા કરે ??નામ ન લખે તો લખે તકલીફ અને લખે તો પણ તકલીફ !!!

ભરત વૈષ્ણવ
૧૫.૧૧.૨૦૨૨.

# પ્રાર્થનાની શક્તિ

**ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'**




ઈશ્વર નિર્મિત સૃષ્ટિની માનવીને મળેલી અણમોલ ભેટ એટલે જીવન. આપણી હયાતી ઈશકૃપા વિના શક્ય નથી. પ્રતિક્ષણ ચાલતાં આપણાં શ્વાસોચ્છવાસ, જીવન જીવવા જરૂરી ઘટકો, પ્રેમ, હૂંફથી શરૂ થયેલો કૃપાનો અસ્ખલિત પ્રવાહ મૃત્યુપર્યંત અટકતો નથી .

પ્રકૃતિની સુંદરતા , સ્વજનોના પ્રેમનો આસ્વાદ માણી શકીએ તે ઈશકૃપા જ તો છે! અનંત ઉપકારની અનુભૂતિ પ્રાર્થનામાં પરિવર્તિત થાયછે.

આજનાં આધુનિક યુગમાં ઈશ્વરીય તત્વ હોવાં અંગે શંકા ધરાવનાર મોટો વર્ગ પણ છે. માન્યતા અંગે મતભેદ તો રહેવાનાં પરંતુ તેથી પ્રાર્થના નિરર્થક છે તેમ સાબિત ન થાય. પરમતત્વનું હોવું, પ્રાર્થના તેનાં સુધી પહોંચે કે ન પહોંચે પરંતુ દિલનાં ઊંડાણમાંથી શ્રદ્ધા સાથે શુદ્ધ ભાવ પ્રગટે છે ત્યારે પ્રાર્થના થઈ જતી હોય છે. આંતરિક બળ જીવવાનું બળ અર્પે છે. જગતના સંતો, મહાપુરુષોએ પ્રાર્થનાનું મહત્વ ગાયું છે. સંસારની ઘટમાળમાં દુ:ખદ પરિસ્થિતિ સર્જાતી હોય છે. સંજોગો સામે ટકી રહેવાં દ્રઢ મનોબળની આવશ્યકતા પડતી હોય છે, જે પ્રાર્થનામાંથી મળી રહે છે. દુ:ખ અનેક પ્રકારનાં હોય છે જેમ કે પરિસ્થિતિ આધીન , કર્મનાં પરિણામરૂપે પણ ભોગવવાં પડે છે. જ્યાં દોષી નથી ત્યાં માનસિક સ્તરે સ્થિર રહી શકીએ છીએ પણ જ્યાં દોષી છીએ ત્યાં પસ્તાવારૂપે પ્રાર્થના દવાનું કામ કરે છે.

પ્રાર્થનામાં જાગૃતિ જરૂરી છે. જડ બની ફક્ત દૈનિક ક્રમ બનાવી દેવાથી આધ્યાત્મિક લાભથી વંચિત રહી જવાની શકયતા ખરી. અહીં જે પ્રાર્થનાની વાત કરવી છે તે હૃદયનાં આર્તનાદની, પૂર્ણ સમર્પિતતાની. જે અંતરનાં મેલને ધોઈ, આત્મશક્તિ આડેનાં આવરણો વિખેરી, આત્મતેજપૂંજ સાથે પ્રકાશે છે. જેને સ્થળ,કાળ, વિધિવિધાનનાં બંધનો સ્પર્શતા નથી. આવી પ્રાર્થના હૃદય- મનને આનંદ, સંતોષની અનુભૂતિ કરાવે છે.

પ્રાર્થના યાચના નથી. નિષ્કામ ભક્તિ હોય ત્યાં માંગણીઓ તો ન જ હોય! હૃદયમંદિરનાં દ્વાર આપણે માન્યતા,રૂઢિપરંપરા નિભાવતાં શક્ય છે બંધ રાખ્યાં હોય. એ દ્વાર હૃદયમાં આર્તનાદ સાથે પ્રાર્થના પ્રગટે ત્યારે ખૂલે છે.આવી પ્રાર્થનાથી અહંનો અંત, પછી શ્રેષ્ઠ આંતરશક્તિઓનું પ્રાગટ્ય થાયછે.

વર્ષ ૧૯૮૭ ની વાત છે. મેં સગર્ભાવસ્થામાં ઘણી તકલીફોનો સામનો કર્યો. ત્રીજા મહિનાથી શરૂ થયેલી તકલીફો બીજા છ મહિના રહી. હું પથારીવશ હતી. હલનચલનની મનાઈ. સીધાં સૂઈ રહેવાનું હતું. સોનોગ્રાફી પરીક્ષણમાં જોડિયાં બાળકો હોવાનું મોડેથી જણાયું હતું. એક જ સ્થિતિ, જગ્યાએ હલનચલન વગર રહેવાથી તકલીફો વધતી રૂ જતી હતી. અનિશ્ચિતતા વચ્ચે ગમે ત્યારે હૉસ્પિટલમાં દાખલ થવું પડતું હતું. ઉત્તમોત્તમ સારવાર ચાલી રહી હતી. ડૉકટરના મતે તેમના માટે પણ પડકાર હતો. તેઓએ પિતા અને પતિને મારા જીવિત રહેવાની ૧૦% શક્યતા હોવાનું અને બાળકોને કાંઈ નહીં થાય તેમ જણાવી દીધું હતું. બંનેએ માનસિક તાણનો અણસાર પણ આવવા ન દીધો. ઈશ શરણ, પ્રાર્થના પર શ્રદ્ધા હતી.મારાં દાદાજી, માતાજીનાં પ્રખર ભક્ત.મારી હાલત તેમનાથી નહોતી જોવાતી . નવરાત્રિ દરમિયાન અનુષ્ઠાન કરતી વેળાએ માતાજી સમક્ષ તેમનાથી પીડા વ્યક્ત થઈ ગઈ કે દીકરીની આવી હાલત ! માતાજીનો જવાબ તેમણે અનુભવ્યો કે ચિંતા ન કરો. દીકરીને કાંઈ નહીં થાય. અંતે ૮મી ઑક્ટોબરે મારી પ્રસૂતિ વિના વિઘ્ને પાર પડી.બે તંદુરસ્ત દીકરાનો જન્મ થયો. હું પણ સ્વસ્થ હતી. ડૉકટરે વધામણી આપતાં કહ્યું કે દીકરી, તેં તો મને ભગવાનમાં માનતો કરી દીધો. એ મારાં જીવનની યાદગાર પળ બની ગઈ. આવી છે સાચાં દિલથી કરેલી પ્રાર્થનાની શક્તિ! માનો કે ન માનો દ્રઢ શ્રદ્ધા સાથે થયેલી પ્રાર્થનાનો જવાબ મળે જ છે.

ચાલો, સુંદર જીવન પ્રદાન કરવા માટે ઈશ્વરનો આભાર માનવો જ જોઈએ. સૌ સાથે મળીને ઈશકૃપા અમીવર્ષામાં ભીંજાઈ જઈએ. કૃપાનુભૂતિનો આનંદ ઉઠાવતાં આભાર માનીએ.

હે પરમપિતા......!
આવી વસજો મારાં હૃદય -મને
આવી વસજો મારી વાચા, કર્મે
સદા હાથ થામી દોરજો તાત,
એ જ અંતઃકરણની પ્રાર્થના.....

"ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ' ©

### મોહન ભાગવતે ધર્માંતરણના મુદ્દા પર ઈશારા ઈશારામાં નિવેદન

# આપણાં ભોળપણનો લાભ લઈને છેતરનારા લોકોથી સાવધાન રહેવાનું છે. છેતરનારા ઘણા લોકો છે



જશપુર,તા.૧૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે ધર્માંતરણના મુદ્દા પર ઈશારા ઈશારામાં નિવેદન આપ્યું છે. છત્તીસગઢના પ્રવાસ પર પહોંચેલા મોહન ભાગવતે ધર્માંતરણના મુદ્દા પર ઈશારાઓ-ઈશારાઓમાં કહ્યું કે, આપણાં ભોળપણનો લાભ લઈને છેતરનારા લોકોથી સાવધાન રહેવાનું છે. છેતરનારા ઘણા લોકો છે. મોહન ભાગવતે ધર્માંતરણ શબ્દનો ઉપયોગ કર્યા વિના કહ્યું કે, હવે આપણે જાગવાનું છે.

પોતાના દેશ, ધર્મ માટે પાક્કું રહેવાનું છે. આપણે પોતાના સંસ્કારો અને દેવી-દેવતાઓને ભૂલવાના નથી. આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે સોમવારે જનજાતિઓના ગૌરવને ભારતનું ગૌરવ બતાવ્યું અને એ વાત પર ભાર આપ્યો કે દેશ, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે લોકોએ જનજાતિઓને સમજવા જોઈએ અને તેમની સાથે ઊભા રહેવું જોઈએ. મોહન ભાગવતનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે રાજયની મુખ્ય વિપક્ષી પાર્ટી, ભારતીય જનતા પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે, કોંગ્રેસ શાસનમાં ધર્માંતરણની ઘટનાઓમાં વધારો થયો છે.છત્તીસગઢના જશપુર જિલ્લામાં 'જનજાતિય ગૌરવ દિવસ'ના અવસર પર એક સમારોહને સંબોધિત કરતા મોહન ભાગવતે જનજાતિઓને એ લોકો વિરુદ્ધ તાકતવર રહેવાનું આહ્વાન કર્યું જે તેમના ભોળપણનો ફાયદો ઉઠાવીને છેતરવાનો પ્રયત્ન કરે છે. વનવાસી કલ્યાણ આશ્રમ તરફથી અહીં રંજીતા સ્ટેડિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો સામેલ થયા હતા.

આ અવસર પર આપએસએસ પ્રમુખ મોહન ભાગવતે ભાજપના પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વર્ગીય દીલિપ સિંહ ભૂદેવની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. દીલિપ સિંહ ભૂદેવે જશપુર ક્ષેત્રામાં જનજાતિઓને ઈસાઇ ધર્મથી પાછા લાવવા માટે 'ઘર વાપસી' અભિયાન ચલાવ્યું હતું. વર્ષ ૨૦૧૩માં દીલિપ સિંહ ભૂદેવનું નિધન થઇ ગયું હતું. મોહન ભાગવતે કહ્યું કે, ભગવાન બિરસા મુંડા'ને પણ આ પ્રેમે આપણાં બધા લોકો માટે સંઘર્ષ કરવા માટે પ્રેરિત કર્યા.

તેમણે કહ્યું કે, જનજાતિય ગૌરવ શું છે? પછી કહ્યું કે આપણાં પૂર્વજોની પરંપરા આપણું ગૌરવ છે કેમ કે તે આપણને બતાવે છે કે આપણે કઇ રીતે જીવવાનું છે. તેઓ આપણને વીરતા, પવિત્રતા અને આત્મીયતાનો એક વારસો આપે છે. જીવનના સંઘર્ષમાં આપણે લડી શકીએ, એવી હિંમત આપે છે. જંગલોમાં રહેનારા અને પર્યાવરણને દેવી-દેવતા માનનારા આપણાં બંધુઓએ જ આપણને શીખવ્યું છે એટલે જનજાતિય ધર્મ માત્ર જનજાતિઓનો નહીં, પરંતુ સંપૂર્ણ ભારતનો છે. જનજાતિય સમાજની રક્ષા, તેમના ગૌરવની વૃદ્ધિ માટે તેમની સાથે ઊભા રહેવું જોઇએ જેમ દીલિપ સિંહ ભૂદેવજી ઊભા હતા.

### ચૂંટણી નો ચકરાવો

# ભાજપની ભભૂતિ જુના કાર્યકરોને અસર કરી ગઈ.(જૂની બોટલ માં નવો દારૂ)

૨૦૨૨ ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી એ વિકાસનો ઘણું દઈને ચૂંટણી લડવાનો જોડ સોર થી ઢંઢેરો પીટીઓ હતો પરંતુ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો ઉમેદવારોના પરિવર્તનનો પવન ફૂંકાતા ભાજપનું મહુડી મંડળ એકદમ શબ્દ થઈ ગયું. અંતે ભાજપના મહુડી મંડળે નિર્ણય કર્યો કેસે શરમ લાજ નહી ઈજ્જત ભાજપના પાયાના સિદ્ધાંતો અને પાયાના કાર્યકરો આ બધાને કોરાને મૂકીને જીતી શકે તેવા ઉમેદવારને શોધીને ટિકિટો આપવી અને હાલમાં તે બની રહ્યું છે. પ્રથમ યાદીમાં કેશુભાઈ જ્યોત આનંદીબેન જ્યોત અમિત શાહ જૂથ અને વિવાદિત હોય તેવા ચહેરાઓને પણ ભાજપે ટીકીટ આપી.જુના પાયાના કાર્યકરો અને વર્ષોથી પક્ષની અંદર મજૂરી કરતા છેક સુધી કમલમની દોડધામ કરીને બધા જ પાર્લામેન્ટરી સભ્યોને વ્યક્તિગત મળીને ખૂબ આજીજી કરી તેમ છતાંય નવીન ચહેરાઓને ટિકિટ આપીને પાર્ટીએ આ કાર્યકરોને ખૂબ નારાજ કર્યા તેના પરિણામો ગંભીર આવે તો નવાઈ નહીં. આમ કરીને ૧૬૦ ઉમેદવારો કોંગ્રેસે જાહેર કર્યા પરંતુ ૨૨ સીટ ઉપર કોકડું ગુચાયું જે ગઈકાલે તેમાંથી પણ ૧૮ ઉમેદવારોને જાહેર કરી દીધા અને ચાર સીટ ઉપર કોકડું ગૂંચવાયું જે જ્ઞાતિય સમીકરણો હોવાથી હજુ સુધી પાર્ટી નક્કી કરી શકી નથી અને અમિત શાહ આ બાબતે કમલમમાં જુથ બેઠકો કરી રહ્યા છે. કોંગ્રેસના સક્ષમ અને રિપિટ ધારાસભ્ય ઉમેદવારોની યાદી જોતા ભાજપ ને ઘણો જગ્યાએ હાર નો સામનો કરવો પડે યો નવાઈ નહીં.ઘણા લોકોએ નારાજ થઈ ને અપક્ષ ઉમેદવારી નોંધાવી છે..જયારે કોંગ્રેસ માં પેટલાદ.વિરમગામ અને લગભગ બીજી ૩૪ સીટ ઉપર મોડીરાત સુધી ઉમેદવાર નક્કી કરવાની પ્રક્રિયાઓ ચાલી રહી છે..ભરતસિંહ ની વિવાદિત સામાજિક સ્ટોરી પક્ષ માં ઘણી ખરી અસર સર્જી છે..૬ ટર્મ થી જીતતા નિરંજન પટેલ ને પેટલાદ હજુસુધી કોંગ્રેસ જાહેર કરી શકી નથી . એક રાજકીય નેતાની જીદ કોંગ્રેસ ને નડી જાય તો નવાઈ નહી ..ગાંધીનગર ઉત્તર માં પણ ૨૦૧૭ માં એક બ્રહ્મ કોંગ્રેસ માં પાયાના ઉમેદવાર ને છેક ફોર્મ ભરવા સુધી કોંગ્રેસે ના પાડી નહિ અને નકલી જેસીબી ફરી વળતાં છેલ્લી ઘડીએ મેન્ડેડ બદલી બીજા ને ટિકિટ આપી હતી..જે ઉત્તર માટે કોંગ્રેસ હજુ સુધી ઉમેદવાર નક્કી કરી શકો નથી..જયારે રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા ઘણા ખરા લોકો આમ આદમી પાર્ટીમાં કે અપક્ષ ઉમેદવારી કરી રહ્યા છે.. ગાંધીનગર ઉત્તરમાં ભાજપના લાળ ટપકાવતા સિનિયર કાર્યકરોને કારણે મૂકીને પૂર્વ મેયર એવા રીટા પટેલને ટિકિટ આપીને જુના કાર્યકરોને આંચકો આપ્યો છે જયારે અલ્પેશ ઠાકોર ને દક્ષિણ ગાંધીનગરમાં ટિકિટની ફાળવણી કરી છે અમે ત્યાં પણ આયા થી ઉમેદવાર બાબતોની સિનિયર કાર્યકર્તાઓમાં આગ ભભૂતિ ઊઠી છે જયારે માણસા સીટમાં હજુ સુધી ભાજપ ઉમેદવાર નક્કી કરી શકી નથી. આમ ત્રણ આંકડામાં પણ સમગ્ર ગુજરાતની ૧૮૨ સીટમાંથી ભાજપની સીટ આવે તેવું હાલમાં ક્યાંય દેખાતું ન હોવાથી બહુમતીથી ભાજપ સરકાર ન બનાવી શકે તેવા આંતરિક સમીકરણો દેખાતા હોવાથી સમગ્ર ભાજપમાં આંતરિક રોષ હોય તેવું દેખાય છે જે હજુ સપાટી ઉપર આવ્યો નથી પરંતુ ઘણા ખરા સિનિયર લોકો તેમના ઉમેદવારો થી અલગ રહી શકે તેવું લાગે છે.. પાર્ટીમાં શિક્ષિત લોકોને છોડીને વિવાદિત અને દબંગ લોકોને ટિકિટો આપીને ભાજપે એક તેના અનોખા રૂપનું દર્શન પાર્ટીના કાર્યકરોને કરાવ્યું છે.. ભાજપના સર્વત્ર એવા પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુક બનીને બેઠેલા એવા સ્ટેમ્પેડ મુખ્યમંત્રી માં આંતરિક ક્યાંય સંકલન હોય તેવું ૧૬૦ સીટ જાહેર કર્યા બાદ અત્યાર સુધી જોવા મળતું નથી આમ કહેવાથી હિન્દુત્વની પાર્ટી કરીએ તેમ હવે કહેવાતા સિદ્ધાંતોની ભાજપની પાર્ટીના દર્શન લોકોને થવા લાગ્યા છે અને લોકો હવે આજે પણ કહે છે કે હવે આ એ ભાજપ નથી જે આપણે સપનું જોયું હતું..સંપાદક.પ્રદીપ રાવલ

# બીસીસીઆઇ ધોનીને ભારતીય ક્રિકેટમાં કાયમી ભૂમિકા માટે બોલાવવા પર વિચાર કરી રહ્યું છે

મુંબઇ,તા.૧૫

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ટીમ ઈન્ડિયાનું કોઈ એવું ખાસ પ્રદર્શન નથી રહ્યું અને સેમિફાઇનલમાં પંહોચીને ખૂબ કારમી હાર સાથે ટીમ ઈન્ડિયા બહાર ફેંકાઇ હતી. આ હાર બાદ આવનાર દિવસોમાં ભારતીય ક્રિકેટમાં મોટા ફેરફારો થઈ શકે છે.

આ બધી વાતો વચ્ચે જાણવા મળ્યું છે કે BCCI ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને મોટી જવાબદારી સોંપવા જઈ રહ્યું છે. મળતા રિપોર્ટ અનુસાર બીસીસીઆઇ ભારતીય ટી ૨૦ ક્રિકેટના સેટઅપ સાથે ધોની ને મોટી ભૂમિકા માટે એક એસઓએસ મોકલવા માટે તૈયારી કરી રહ્યું છે. જણાવી દઈએ કે બીસીસીઆઇ ધોનીને ભારતીય ક્રિકેટમાં કાયમી ભૂમિકા માટે ધોનીને બોલાવવા પર વિચાર કરી રહ્યું છે.

અહેવાલ અનુસાર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ટીમ ઈન્ડિયાના હેડ કોચને ત્રણેય ફોર્મેટમાં ટીમનું મેનેજમેન્ટ કરવામાં મુશ્કેલી પડી રહી છે. એવામાં કોચિંગના કામને વહેંચવા માટે બીસીસીઆઇમાં ધોનીને સામેલ કરવામાં આવી શકે છે જેના માટે પ્રયાસ ચાલી રહ્યા છે. મહિનાના અંતમાં જ એપેક્સ કાઉન્સિલ બેઠક થવાની છે જેમાં આ મુદ્દે ખૂલીને ચર્ચા કરવામાં આવી શકે છે.

નોંધનીય છે કે એવું માનવામાં આવી રહ્યું છે કે આઈપીએલ ૨૦૨૩ બાદ જો ધોની ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય લે તો જ બીસીસીઆઇ આ મુદ્દે કોઈ નિર્ણય લેશે. ભારતને બે વખત વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં ધોનીનું સૌથી મોટું યોગદાન હતું ત્યારે ટી ૨૦ની જવાબદારી તેમને જ આપવામાં આવી શકે છે. ધોનીને ક્યારે અને કયા ફોર્મેટ માટે જવાબદારી સોંપવામાં આવશે તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી પણ આ મહિનાના અંત સુધીમાં BCCI એપેક્સ કાઉન્સિલની બેઠકમાં ધોનીની ભૂમિકા પર ચર્ચા કરશે.



**આઇપીએલ ૨૦૨૩ બાદ જો ધોની ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય લે તો જ બીસીસીઆઇ આ મુદ્દે કોઈ નિર્ણય લેશે**

# સિદ્ધપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપુત સૌથી ધનિક ઉમેદવાર તરીકે જાહેર

અમદાવાદ,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પહેલાં તબક્કાના મતદાનના ઉમેદવારી ફોર્મ ભરાઈ ગયા છે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ૧ હજાર ૩૬૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. બીજી તરફ હજુ પણ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત કરવાનું ચાલુ છે. ત્યારે પહેલા ફેઝ અને બીજા ફેઝ માટે જે પણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે તેઓ કેટલી મિલકતના માલિક છે તે સામે આવ્યુ છે. તમામ રાજકીય પક્ષોમાં ઘણા બધા ઉમેદવારો એવા છે કે જે કરોડોની સંપત્તિના માલિક છે.

સિદ્ધપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપૂત પાસે ૩૭૨ કરોડની સંપતિ છે. ગુજરાતમાં સૌથી ધનિક ઉમેદવાર તરીકે તેમને જાહેર કરાયા છે. તેમની પાસે રુ. ૧૦૬.૦૩ કરોડની સ્થાવર મિલકત છે, તો રુ. ૧૬૯.૫૦ કરોડની જંગમ મિલકત છે. ભાજપના સુરત જિલાના મજુરા બેઠકના ઉમેદવાર હર્ષ સંઘવી છે. હર્ષ સંઘવી પાસે કુલ ૧૭.૪૩ કરોડની સંપત્તિ છે. ૨૦૧૭માં તેમની પાસે માત્ર ૨.૧૨ કરોડની મિલકત હતી. છેલ્લા ૫ વર્ષમાં તેમની સંપત્તિમાં ૭૨૩ ટકા વધારો થયો છે. તેમના પત્નીના નામે ૧૦.૫૨ કરોડની સંપત્તિ છે.

રાજકોટ દક્ષિણ પર રમેશ ટિલાળા ભાજપના ઉમેદવાર છે. ટિલાળા પાસે કુલ ૧૭૧ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના નામે ૯.૫૧ કરોડ જંગમ મિલકત છે. જ્યારે ૪૭.૧૮ કરોડની સ્થાવર મિલકત છે. તેમના પરિવારના નામે ૮.૬૩ કરોડની જંગમ મિલકત છે. પરિવારના નામે ૧૦૬.૨૪ કરોડની સ્થાવર મિલકત છે.પ્રકાશ વરમોરા ભાજપના ધ્રાંગધ્રાના ઉમેદવાર છે. પ્રકાશ વરમોરા પાસે ૩૧ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ ૧૫.૭ કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. તેમના પરિવાર પાસે કુલ ૮.૬૪ કરોડની સ્થાવર-જંગમ મિલકત છે.

ભાજપના મોરબીના ઉમેદવાર કાંતિ અમૃતિયા છે. કાંતિ અમૃતિયા પાસે ૯ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ ૫.૫૧ કરોડની જંગમ સંપત્તિ છે. જ્યારે પરિવાર પાસે ૧૭.૭ કરોડની સ્થાવર મિલ્કત છે. ભાજપના ભૂજ બેઠકના ઉમેદવાર કેશુ પટેલ પાસે ૬ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે ૩.૪૮ કરોડની સંપત્તિ છે. જ્યારે પરિવાર પાસે ૨.૧૯ કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે.

રાજકોટ પૂર્વ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ પાસે કુલ ૧૬૩ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે ૪૯.૮૨ કરોડ જંગમ મિલ્કત છે. જ્યારે ૯૧.૯૯ કરોડની સ્થાવર મિલ્કત છે. તેમના પરિવાર પાસે ૨૧.૧૧ કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે.કોંગ્રેસના રાપરના ઉમેદવાર બચુ અરેઠિયા છે. તેમની પાસે કુલ ૯૭ કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ ૭૨.૮૮ કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. તો પરિવાર પાસે કુલ ૨૪.૬૩ કરોડની સ્થાવર-જંગમ મિલકત છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# વાયદા બજાર પર ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં નરમાઈનો માહોલ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૯૭,૧૨૬ સોદાઓમાં કુલ રૂ.૩૫,૮૧૮.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૨૦૫.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૩૫૭૩.૩૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૨૩,૭૬૯ સોદાઓમાં કુલ રૂ.૭,૨૧૮.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૭૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩,૦૫૧ અને નીચામાં રૂ.૫૨,૭૦૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ વધી રૂ.૫૨,૮૫૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૭ વધી રૂ.૪૧,૮૯૧ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૫,૨૩૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૬૧૫ના ભાવે ખૂલી, રૂ.૭૪ વધી રૂ.૫૨,૬૭૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૫૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૦૪૫ અને નીચામાં રૂ.૬૨,૪૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮ વધી રૂ.૬૨,૪૯૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦૬ વધી રૂ.૬૨,૬૪૬ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧૦ વધી રૂ.૬૨,૬૩૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫,૨૪૯ સોદાઓમાં રૂ.૨,૩૧૦.૪૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૨૧૧.૦૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૨.૫૦ વધી રૂ.૨૮૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૬૯૬.૪૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૫ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૫૫૬ સોદાઓમાં કુલ રૂ.૨,૬૪૯.૮૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૯૬૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૮૬ અને નીચામાં રૂ.૬,૮૪૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬૩ ઘટી રૂ.૬,૯૧૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૦ ઘટી રૂ.૪૮૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૩૨ સોદાઓમાં રૂ.૨૬.૧૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૭૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૭૬૦ અને નીચામાં રૂ.૩૨,૩૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૩૨,૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૪૦ ઘટી રૂ.૯૫૩.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૫૩૫.૧૬ કરોડનાં ૬,૬૬૯.૮૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૬૮૩.૭૮ કરોડનાં ૫૮૪.૪૨૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૫૫ કરોડનાં ૧૬,૭૦,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૯૫ કરોડનાં ૨૯૮૯૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૨.૭૭ કરોડનાં ૭૦૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૩૫ કરોડનાં ૩૪.૯૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૫૮.૮૫૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૬૫.૧૦૮ ટન, ક્રૂડ તેલમાં ૯૮૨૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૦૭૧૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૧૦૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૭.૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૦.૨૮ કરોડનાં ૫૪૬ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૭૪૦ના સ્તરે ખૂલી, ૪૨ પોઈન્ટ વધી ૧૪,૭૩૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૩,૫૭૩.૩૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૯૪.૪૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૯.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮,૭૫૬.૩૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૫૨૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૧૮.૨૨ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૯.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૯.૯૦ અને નીચામાં રૂ.૪૫.૯૦ રહી, અંતે રૂ.૩૩.૮૦ ઘટી રૂ.૬૮.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬ અને નીચામાં રૂ.૨૮.૪૦ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૨૯.૬૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૧ અને નીચામાં રૂ.૩૮ રહી, અંતે રૂ.૯.૫૦ વધી રૂ.૪૯ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૬૫ અને નીચામાં રૂ.૮૨૧ રહી, અંતે રૂ.૬.૫૦ ઘટી રૂ.૮૫૬.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૯ અને નીચામાં રૂ.૨૦૫ રહી, અંતે રૂ.૧૭.૫૦ વધી રૂ.૨૨૨.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૬,૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૯.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૯ અને નીચામાં રૂ.૬૯.૧૦ રહી, અંતે રૂ.૨૦.૮૦ વધી રૂ.૯૭.૫૦ થયો હતો. જ્યારે સોનું નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૮.૫૦ અને નીચામાં રૂ.૧૦૪ રહી, અંતે રૂ.૩૭ ઘટી રૂ.૧૨૮ થયો હતો.

નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૨.૫૦ અને નીચામાં રૂ.૩૦.૫૦ રહી, અંતે રૂ.૪ વધી રૂ.૪૦.૨૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૪૦ અને નીચામાં રૂ.૫૮૦ રહી, અંતે રૂ.૩૮ ઘટી રૂ.૮૨૪.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૭ અને નીચામાં રૂ.૧૨૨ રહી, અંતે રૂ.૪૦ ઘટી રૂ.૧૩૯.૫૦ થયો હતો.


### જય શિવશક્તિ.જય શ્રીકૃષ્ણ

ઉમરગામ ની તથા ઉમરગામ આજુબાજુના વિસ્તારની દરેક જનતાને જણાવવાનું કે સતત સેવા કાર્ય કરતી અને દર વર્ષે મેડીકલ કેમ્પ અને આઇ કેમ્પ નુ આયોજન કરતી આપણી સંસ્થા શ્રી શિવશક્તિ સહયોગ સેવાશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૬-૧૧-૨૨ ને શનિવાર ના દિવસે સંસ્થા દ્વારા વલસાડ ની જાણીતી અને સુવિધાયુક્ત આર. એન. સી (RNC hospital valsad) હોસ્પિટલ વલસાડ ના સહયોગથી અને ડો.શ્રી કેતનભાઇ પારેખ (બી. એ. સી. પી જી. ડી. એમ એલ ટી) ની દેખરેખ નિચે કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ છે જેમા મફત આઈ ચેકઅપ મફત ચશ્મા વિતરણ તથા મફત મોતિયાનું ઓપરેશન પણ કરાવી આપવામા આવશે તથા મફત ડાયાબીટીસ (સુગર ચેકઅપ) ટેષ્ટ પણ કરાવી આપવામા આવશે તો દરેક જરૂરતમંદ લોકોને સંસ્થા તરફથી આ ફ્રી સેવાનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

નોંધ-નામ નોંધાવવા નિચે આપેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

૧. પ્રમુખશ્રી મણીભાઈ ડી પટેલ. ૯૯૨૫૪૯૪૫૮૧

૨.શ્રી રાજુભાઈ એમ શાહ. ૯૮૨૪૨૦૩૯૯૧

૩.શ્રી મગનભાઈ એચ પટેલ. ૯૮૯૮૬૮૮૩૦૬

૪.હરિશ્ચંદ્ર આર મૌર્ય.૯૯૨૫૧૭૯૬૧૩

૫.શાસ્ત્રી શ્રી ચંદુભાઈ ડી શુકલ. ૯૭૨૫૮૬૧૫૦૧

૬.શ્રી સુભાષભાઈ એલ થાનકી. ૯૯૨૫૧૫૫૪૫૭.

ખાસ નોંધ- સંસ્થા દ્વારા દર વર્ષે કરવામાં આવતા સાર્વજનિક સમૂહ લગ્ન ની જેમ આ વર્ષે પણ સાર્વજનિક સમૂહ લગ્ન નુ આયોજન કરવામાં આવેલ છે તો આ સમૂહ લગ્નમાં જોડાવવા ઈચ્છતા લાભાર્થીઓ આજથીજ પોતાનુ નામ નોંધાવી શકે છે.

કેમ્પ નુ સ્થળ અને સમય

શનિવાર તા. ૨૬.૧૧.૨૨. સમય સવારે ૮ થી૧૨.

સ્થળ - સંસ્થાનુ બિલ્ડીંગ. સુંદર વન. ઉમરગામ સ્ટેશન મેઈનરોડ.


# શાકાહારનાં ફાયદા



કોલોન કેન્સર ખૂબ જ ગંભીર રોગ છે. મોટા ભાગે આ કેન્સર માંસ ખાવાના કારણે થાય છે. જીવનભર શાકાહારીઓ ક્યારેય આવી બીમારીથી પીડાતા નથી. ઘણા માંસ ખાનારા માને છે કે માંસ એ પ્રોટીનનો એકમાત્ર સ્રોત છે. જો કે, તેનો થોડો ભાગ માનવો દ્વારા ક્યારેય ઉપયોગ કરી શકાતો નથી કારણ કે તે અપૂર્ણ છે અને તેમાં એમિનો એસિડના યોગ્ય સંયોજનનો અભાવ છે, જે પ્રોટીનના બિલ્ડીંગ બ્લોક્સ છે. અભ્યાસો દર્શાવે છે કે માંસ ખાનાર વ્યક્તિને જરૂરી પ્રોટીનની માત્રા પાંચ ગણી મળે છે. તે એક સામાન્ય તબીબી હકીકત છે કે વધારાનું પ્રોટીન ખતરનાક છે, જેનો મુખ્ય ભય એ છે કે યુરિક એસિડ (પ્રોટીનને પચાવવાની પ્રક્રિયામાં ઉત્પન્ન થતો કચરો) કિડની પર ખરાબ અસર કરે છે, તે નેફ્રોન્સ નામના કિડની કોષોને તોડી નાખે છે. આ સ્થિતિ નેફ્રીટીસ કહેવાય છે; તેનું મુખ્ય કારણ કિડની પર વધુ પડતો બોજ છે. પ્રોટીન મેળવવાનું શાકાહારી પૂરક એક ચમચી ટોફુ અથવા સોયાબીન છે જેમાં સરેરાશ પીરસાતા માંસ કરતાં વધુ ઉપયોગી પ્રોટીન જોવા મળે છે!

કેટલાક શાકાહારીઓ દાવો કરે છે કે તેઓ ખાધા પછી વધુ સંતુષ્ટ થાય છે. આનું કારણ એ છે કે જ્યારે વનસ્પતિ પ્રોટીનનું પાચન થાય છે ત્યારે ઓછા કેટોન્સ (પ્રોટીન-પાચક પદાર્થો) બને છે.

શાકાહારી ખાનારાઓ કરતાં માંસ ખાનારાઓ વિવિધ પ્રકારના ફૂડ પોઈઝનિંગથી વધુ વારંવાર પીડાય છે, આંકડા દર્શાવે છે કે દરેક માંસાહારી વ્યક્તિને ઓછામાં ઓછા એકવાર ફૂડ પોઈઝનિંગ થયું છે.

વાઘ અથવા સિંહ જેઓ માંસ ખાય છે તેઓ એસિડ આધારિત પાચન પ્રણાલી ધરાવે છે. આપણું હાઇડ્રોક્લોરિક એસિડ માંસને સંપૂર્ણ રીતે પચાવવા માટે એટલું મજબૂત નથી. ઉપરાંત, તેમના આંતરડા લગભગ પાંચ ફૂટ લાંબા હોય છે, જ્યારે માનવનાં આંતરડા વાંકા અને વળેલા , નાના વિસ્તારમાં કોમ્પેક્ટેડ હોય છે, જે વીસ ફૂટ લાંબા હોય છે.

ફળો અને શાકભાજીમાં પોષક તત્વો વધુ હોય છે; શરીરને લાંબા રોગ અને પીડા મુક્ત જીવન જીવવા માટે ખૂબ જ જરૂરી છે. ફળો અને શાકભાજીમાં રહેલા ઉત્સેચકો શરીરને પૂરતા પોષક તત્વો પૂરા પાડે છે જે હંમેશા મનની સ્વસ્થ સ્થિતિ જાળવી રાખે છે.

"શાકાહાર શ્રેષ્ઠ આહાર"

"માંસાહાર સર્વનાસાહાર"

# કડી પોલીસે ૪૮ લાખના દારૂ સાથે આરોપીઓને ઝડપી પાડ્યા, કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

કડી,તા.૧૫

કડી પોલીસે ખાનગી રાહે બાતમી મળી હતી કે કડી તાલુકાના બલાસર ગામની સીમમાં આવેલ બંધ શારદા ઓઈલ મિલમાં વિદેશી દારૂનું કટીંગ ચાલી રહ્યું છે અને મસમોટો વિદેશી દારૂનો જથ્થો સંતાડેલો છે. જે આધારે કડી પોલીસે શનિવારની રાત્રીએ સ્થળ વાળી જગ્યા ઉપર કોર્નર કરીને રેડ કરતા ૪૮ લાખ ૨૯ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૩ આરોપીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.કડી તાલુકાના બલાસર ગામની સીમમાં આવેલ બંધ શારદા ઓઈલ મીલમાંથી પોલીસે ૪૮ લાખ ૨૯ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપીને આરોપીઓની ધરપકડ કરીને મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. તેમજ આરોપીઓને આજે કડી કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતાં.કડી તાલુકાના બલાસર ગામની સીમમાંથી પોલીસે ૭૪ લાખ ૬૯ હજાર ૪૦૦નો વિદેશી દારૂ તેમજ મુદ્દામાલ જપ્ત કરીને ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. જે મામલે કડી પોલીસે આરોપીઓને કોર્ટમાં પકડાયેલા આરોપીઓને રજૂ કર્યા હતા અને કોર્ટ સમક્ષ ૧૪ દિવસની રિમાન્ડની કડી પોલીસ દ્વારા માગણી કરવામાં આવી હતી.

## *THE BEST STORY*

**પત્નીના વારંવાર નાં ગુસ્સાથી કંટાળી ગયેલા પતિએ તેની પત્નીને ખીલાથી ભરેલી બેગ આપી અને કહ્યું, "જેટલી વાર ગુસ્સો આવે તેટલી વખત થેલીમાંથી ખીલો કાઢીને વાડાની દિવાલ પર ઠોકી દેવાનો !"**

**બીજા દિવસે પત્નીને ગુસ્સો આવતાં જ તેણે વાડાની દીવાલ પર ખીલો માર્યો. તેણીએ આ પ્રક્રિયા ઘણાં દિવસો સુધી સતત ચાલુ રાખી.**

**ધીરે ધીરે, તે સમજવા લાગી કે ખીલા પર હથોડી મારવાના નિરર્થક પ્રયત્નો કરવા કરતાં તેના ગુસ્સાને કાબૂમાં રાખવું વધુ સારું છે અને ધીમે ધીમે તેની વાડાની દિવાલ પર ખીલાને ઉપર હથોડા મારવાની સંખ્યા ઘટતી ગઈ.**

**એક દિવસ એવો પણ આવ્યો કે પત્નીએ દિવસ દરમિયાન એક પણ ખીલો માર્યો ન હતો.**

**તેણે ખુશીથી આ વાત તેના પતિને જણાવી. તે ખૂબ જ પ્રસન્ન થયા અને બોલ્યા, હવે એક કામ કર "જે દિવસે તને લાગશે કે મને એક વખત પણ ગુસ્સો આવ્યો નથી, ત્યારે હથોડા મારેલા ખીલા માંથી એક દિવાલ માંથી ખીલો કાઢી નાખવો."**

**પત્ની પણ તેમ કરવા લાગી. એક દિવસ એવો પણ આવ્યો કે દિવાલમાં એક ખીલો પણ બચ્યો ન હતો. તેણે ખુશીથી આ વાત તેના પતિને જણાવી.**

**પતિ એ પત્નીને દોરીને વાડાની દિવાલ પાસે લઈ ગયો અને ખીલા કાણાં બતાવીને પૂછ્યું, "શું તું આ કાણાં ભરી શકીશ?"**

**પત્નીએ કહ્યું, , ના એ શક્ય નથી.**

**પતિએ તેના ખભા પર હાથ મુકીને કહ્યું, "હવે સમજ, તું ગુસ્સામાં જે કઠોર શબ્દો બોલે છે, તેનાથી બીજાના હૃદયમાં એવું કાણું પાડી દે છે, જે ભવિષ્યમાં તું ક્યારેય ભરી નહીં શકે!"**

**'સંદેશ'**

**જ્યારે પણ તમને ગુસ્સો આવે ત્યારે વિચારો કે તમે પણ કોઈના દિલ પર હથોડાથી ખીલો મારવાના છો?**

ડાંગ કોંગ્રેસ પક્ષના એક નેતા દ્વારા જાણવા મળેલ વિગત મુજબ ૧૭૩ ડાંગ વિધાનસભા બેઠક પર આજે ઉમેદવારો ના ફૉર્મ ચકાસણી થઈ રહી હતી તે દરમિયાન ૧૭૩ ડાંગ વિધાનસભા ચુંટણી ના ભરેલાં ઉમેદવારી ફૉર્મ માં કોંગ્રેસ ના ઉમેદવાર સિવાય તમામ પક્ષના ઉમેદવારો એ જાતી ના દાખલા માં જાતી ની દાખલા ની ખરાઇ કરવા જરૂરી હોય તેમ છતાં જાતીના દાખલા ની ખરાઇ કર્યા વગર ફૉર્મ ભરાયા હોવાનુ જાણવા મળતા કોંગ્રેસ ના ઉમેદવાર મુકેશભાઈ પટેલ દ્વારા તે બાબતે જિલ્લા ચુંટણી અધિકારી ને લેખિત વાંધા અરજી આપી આ તમામ અધૂરી વિગત દર્શાવતાં ઉમેદવારી પત્રો રદ કરવા જણાવાયું છે અને ઉપલી કક્ષાએ પણ તેની રજૂઆત કરવા તાજવિજ કરતા અન્ય પક્ષો ના ઉમેદવારો માં હડકંપ મચી જવા પામી હોવાનુ જાણવાં મળેલ છે.

નરેન્દ્ર પવાર..ડાંગ

# મતદાનના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન EXIT POLL પ્રસારીત કરવા પર પ્રતિબંધ

આહવાઃ તાઃ ૧૫ઃ ગુજરાત વિધાનસભા સામાન્ય, ચૂંટણી-૨૦૨૨ના સંદર્ભમા મતદાન અંગે સર્વેક્ષણ (EXIT POLL) કરવા અને સર્વેક્ષણના પરિણામો પ્રસિધ્ધ કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ (એ) ની પેટા કલમ-૧ હેઠળ પ્રતિબંધનો સમયગાળો તા.૧૨/૧૧/૨૦૨૨ (શનિવાર)ના સવારના ૮-૦૦ વાગ્યાથી તા.૦૫/૧૨/૨૦૨૨ (સોમવાર) ના સાંજના ૫:૩૦ વાગ્યા દરમયાન નહી કરવા, તથા મતદાન પુરૂ થયાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન મતદાન અંગેના અનુમાનો (opinion poll) સહીતની કોઈપણ ચૂંટણી સામગ્રી કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમો પરથી પ્રસારીત કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનીયમ, ૧૯૫૧ની કલમ-૧૨૬(૧)(બી) હેઠળ પ્રતિબંધ છે. તેવી સ્પષ્ટતા કરતુ જાહેરનામુ તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજ ચૂંટણી આયોગે બહાર પાડ્યુ છે.

નરેન્દ્ર પવાર...ડાંગ

# આહવા ખાતે કાર્યરત MCMC અને મીડિયા સેન્ટરની મુલાકાત લેતા જિલ્લા ચુંટણી અધિકારી શ્રી ધમેર્દ્રસિંહજી જાડેજા

આહવાઃ તાઃ ૧૫ઃ ૧૭૩-ડાંગ વિધાનસભા મત વિસ્તારમા કાર્યરત MCMC તથા મીડિયા સેન્ટરની મુલાકાત લઇ, જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધમેર્દ્રસિંહજી જાડેજાએ ફરજ નિયુક્ત કર્મચારી/અધિકારીઓને ખુબ જ ચોકસાઇ સાથે મીડિયા મોનિટરીંગની કામગીરી કરવા બાબાતે માર્ગદર્શન આપ્યુ હતુ.

ડાંગ જિલ્લા માહિતી કચેરી આહવા ખાતે કાર્યરત MCMC સેન્ટરના માધ્યમથી 'મીડિયા સર્ટીફિકેશન અને મોનિટરીંગ'ની કામગીરી કરવા સાથે, મીડિયા સેન્ટરના માધ્યમથી જિલ્લાની ચૂંટણીલક્ષી વિગતો ડિસ્પ્લે કરી, લોકશાહીના અવસરમા પ્રજાજનોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો પ્રયાસ હાથ ધરવામા આવ્યો છે, તેમ જણાવી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ, ચૂંટણી પ્રક્રિયા સંલગ્ન સૂક્ષ્મ માહિતી મેળવવા વધુમા વધુ લોકોને મીડિયા સેન્ટરની મુલાકાત લેવાની અપીલ કરી હતી.કલેક્ટરશ્રીની આ મુલાકાત વેળા નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગાવિત, તથા પ્રાયોજના વહિવટદાર શ્રી જે.ડી.પટેલ સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. MCMC અને મીડિયા કમિટિના નોડલ ઓફિસર-વ-ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક શ્રી મનોજ ખેંગારે ઉચ્ચાધિકારીઓને તેમની કામગીરીથી અવગત કરાવ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ફોટો કેપ્શન :



**ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતવિભાગમાં મતદાન જાગૃત્તિ અર્થે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાની ૫૪૦ શાળાના ૭૮ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ મતદાન જાગૃત્તિ અર્થે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં સહભાગી બન્યા હતા.**

# અમદાવાદ દરિયાપુરમાં કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખે પેડલ રીક્ષામાં જઈને ફોર્મ ભર્યુ

## ૧૦ હજારનું ચિલ્લર લઈને ઉમેદવારી ફોર્મ ભરવા આપના ઉમેદવાર પહોંચ્યા

અમદાવાદ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાને ચાયવાલા કહે છે તો તે જ ફિલોસોફીને અનુસરતા અમદાવાદની ૫૧ દરિયાપુર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદ્દીનભાઈ શેખે પેડલ રિશામાં જઈ ફોર્મ ભર્યુ હતુ.

'નફરત છોડો ભારત જોડો' ના નારા સાથે લોકો આજે જે અસહ્ય મોંઘવારીનો સામનો કરી રહ્યા છે તેનું પ્રતિબિંબ પાડતા ગ્યાસુદ્દીનભાઈ શેખે પેડલ રીક્ષામાં જઈ ફોર્મ ભર્યુ હતુ અને કહ્યું હતું કે પેટ્રોલ-ડીઝલની સાથે ગેસના (ય્હ્રજ)ના ભાવમાં જે પ્રકારનો વધારો થયો છે તે જોતાં હવે પેડલ રીક્ષા અમારા જેવા ઉમેદવારો નહી પણ સામાન્ય લોકો માટે પણ પરિવહનનું મહત્વનું સાધન બનવાની છે.

તેમની સાથે અમદાવાદ શહેર કૉંગ્રેસ પ્રમુખ નીરવભાઈ ને સાથે પ્રદેશ મંત્રી જુનેદભાઇ શૈખ



દરિયાપુર વોર્ડના કાઉન્સિલર ઈમ્તિયાઝ શૈખ, સમીરાબેન માર્ટિન, માધુરીબેન કલાપી, શાહપુર વોર્ડના કાઉન્સિલર અકબરભાઈ ભટ્ટી, પૂર્વ કાઉન્સિલર મોનાબેન ભુપેશ ભાઈ વોર્ડ પ્રમુખ સઈદભાઈ શૈખ રાકેશભાઈ પરમાર અને ખુબજ મોટી સંખ્યામાં કૉંગ્રેસ પાર્ટી ના કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યાં હતાં અને યુવા નેતા ફહીમ ખલીફા પણ હાજર હતા.

બીજી બાજુ, અમદાવાદમાં ઠક્કરબાપા નગરના કોંગ્રેસના ઉમેદવાર વિજય બ્રહ્મભટ્ટ ફોર્મ ભરવા માટે પહોચ્યા હતા. વિજય બ્રહ્મભટ્ટ ઊંટ ગાડીમાં પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા માટે પહોંચ્યા હતા. તેઓ મોંઘવારી જેવા મુદ્દાને લઈને પ્રચાર કરતા જોવા મળ્યા હતા. તેમણે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

જયારે વડોદરામાં સયાજીગંજના આપ ઉમેદવારે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.આપ ઉમેદવાર સ્વેજલ વ્યાસે અનોખી રીતે ઉમેદવારી નોંધાવી. સ્વેજલ વ્યાસે ડિપોઝીટ પેટે ૧૦,૦૦૦ રૂપિયાના સિક્કા આપ્યા હતા. ચૂંટણી અધિકારી સમક્ષ સિક્કા ભરેલી બેગ ડિપોઝીટ પેટે આપી. ૧ અને ૨ રૂપિયાના સિક્કા ડિપોઝીટ પેટે આપ્યા હતા. ૧૦,૦૦૦ લોકો પાસેથી ઉમેદવારે ફંડ એકત્ર કર્યુ હતું.

વડોદરાની સયાજીગંજ વિધાનસભા બેઠક હાઈ પ્રોફાઈલ બેઠક બની છે. કારણ કે આ બેઠક પર ભાજપે મેયર કેયુર રોકડીયા, કોંગ્રેસે અમીબેન રાવત અને આમ આદમી પાર્ટીએ લડાયક યુવા નેતા સ્વેજલ વ્યાસને ટિકિટ આપી છે.

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨

# ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે તા.૧૬મી નવેમ્બરના રોજ એક હજાર જેટલાં જાહેરસ્થળો પર રંગોળી પૂરવામાં આવશે

## શહેરની ૧૭ શાળાના વિદ્યાર્થીઓ નગરનાં ૧૫ જાહેર સ્થળો ખાતે રંગોળી પૂરીને મતદાન કરવાની અપીલ કરશે

ગાંધીનગર, સોમવાર

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિભાગમાં આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને 'અવસર લોકશાહીનો'- સ્વીપ અંતર્ગત મતદાન જાગૃત્તિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ રંગોળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરમાં ૧૫ જાહેર સ્થળો પર મતદાન જાગૃત્તિ આપતી રંગોળી પૂરવામાં આવશે. જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બાળકો દ્વારા પોતાના ગામ કે શહેરમાં જાહેરસ્થળે રંગોળી પૂરવામાં આવશે. સમગ્ર જિલ્લામાં એક




હજાર જેટલાં જાહેર સ્થળો પર વિદ્યાર્થીઓ રંગોળીના માધ્યમથી મતદારોને મતદાન કરવાની તેમની નૈતિક જવાબદારી નિભાવવાની અપીલ કરશે. 'અવસર લોકશાહીનો' અભિયાન અંતર્ગત રાજયમાં મતદાન જાગૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃત્તિ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ જાહેરસ્થળો પર તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ રંગોળી પૂરીને મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર શહેરમાં મતદાન જાગૃત્તિ આપતી રંગોળી શહેરી વિવિધ શાળાનાં બાળકો દ્વારા ૧૫ જાહેર સ્થળોએ રંગોળી બનાવવામાં આવશે. જેમાં સેક્ટર- ૨૩, સર્વ વિશ્વ વિદ્યાલયની આર.જી.કન્યા, આર.સી.પટેલ અને એમ.બી.પટેલ શાળાના વિદ્યાર્થીઓ નવા સચિવાલયમાં બ્લોક નંબર- ૯ ખાતે, સેક્ટર-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ જૂના સચિવાલયમાં, જે.એમ.ચૌધરી કેમ્પસના વિદ્યાર્થીઓ કલેકટર કચેરી, મહાનગરપાલિકા અને જિલ્લા કોર્ટ ખાતે, સેકટર- ૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓ રાજભવન ખાતે, ઈન્ફોસીટી, સરગાસણના વિદ્યાર્થીઓ ગિફટ સીટી ખાતે, સેકટર-૩ સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ પથિકાશ્રમ ખાતે, સેકટર- ૨૮ આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ જિલ્લા પંચાયત, સેકટર-૨૫ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ડી-માર્ટ, સેકટર- ૨૬ શ્રી જયપ્રકાશ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઓશિયા મોલ, પોલિટેકનીક, સેકટર-૨૮, બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલયના વિદ્યાર્થીઓ સેકટર- ૨૮ ગાર્ડન, સેકટર- ૮ સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ સરિતા ઉદ્યાન, પેથાપુર શેઠ.એમ.બી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સેકટર- ૨૧ માર્કેટ અને સેકટર- ૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ સેકટર- ૭ શોપિંગ સેન્ટર ખાતે રંગોળી બનાવીને લોકોને મતદાન કરવાની અપીલ કરશે.

# રાજકોટના મોટામૌવા વિસ્તારની ૧૫થી વધુ સોસાયટીઓ દ્વારા મતદાન બહિષ્કારની જાહેરાત

રાજકોટ,તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નેતાઓ પ્રચારમાં નીકળી ગયા છે..ત્યારે રાજકોટના મોટા મૌવા વિસ્તારની ૧૫થી વધુ સોસાયટીઓ દ્વારા મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે.પ્રાથમિક સુવિધાઓના અભાવે રાજકોટ ગ્રામ્ય બેઠકમાં આવતા મોટા મૌવા વિસ્તારના લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે..

રાજકોટના મોટા મૌવા વિસ્તાર જેનો છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે.આ વિસ્તારની ૧૫થી વધુ સોસાયટીઓ દ્વારા પ્રાથમિક સુવિધાઓના અભાવથી મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ વિસ્તારનો માત્ર નામ પૂરતો મહાનગર પાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ સુવિધાઓના નામે મીંડું છે. વેરાઓ અને ટેક્સ મહાનગર પાલિકાના નિયમ મુજબ લોકો ભારે છે પરંતુ શહેર જેવી સુવિધા હજુ આ વિસ્તાર સુધી પહોંચી નથી તેવો આક્ષેપ લોકો કરી રહ્યા છે..

રાજકોટ શહેરનો વિસ્તાર વધી રહ્યો છે.આજુ બાજુના ગામડાઓ શહેરમાં ભળી રહ્યા છે..મોટા મૌવાં વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં બનેલી સોસાયટીઓમાં પાણીની સુવિધા પણ જોઈએ તેટલા પ્રમાણમાં પહોંચી નથી..સ્થાનિકોને પાણીના ટેક્રર ઊંચી કિંમતોમાં મગવવા પડી રહ્યા છે..ત્યારે પાણી વેરો તો મહાનગર પાલિકા દ્વારા લેવામાં જ આવી રહ્યો છે..અન્ય સમસ્યાઓની વાત કરીએ તો કચરાની ગાડીઓ આ વિસ્તારમાં આવતી નથી.જેથી ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે..હજુ પણ કાચા રસ્તાઓ છે..પાકા રસ્તાઓ બનાવવમાં નથી આવ્યા.જ્યારે રોડ ટેક્સ તો પુરે પૂરો અહીંયાના લોકો દ્વારા ભરવામાં આવશે.અને સ્ટ્રીટ લાઇટ જેવી સુવિધાથી પણ આ વિસ્તાર વંચિત છે..

સ્થાનિકો સાથે વાત કરતા જાણવા મળ્યું કે ના તો આ વિસ્તારના ધારાસભ્ય ક્યારેય આ વિસ્તારમાં ફરક્યા છે અને ના તો કોઈ કોર્પોરેટર ક્યારેય જોવા મળ્યા છે..ત્યારે સ્થાનિકોમાં ઉગ્ર રોષ છે.ત્રણેય પાર્ટીઓના લોકોને આ વિસ્તારમાં મત માટે ના આવવાના બેનરો લગાવ્યા છે અને સ્થાનિકો સંપૂર્ણ પણે મતદાનનો બહિષ્કાર કરવાનો સંકલ્પ કરી ચૂક્યા છે..

॥ ભાવાત્મક શ્રદ્ધાંજલિ ॥



**સ્વ. હસમુખલાલ વિઠ્ઠલદાસ ઠાકર**

સખેદ જણાવવાનું કે માણસા ગામ નિવાસી (હાલ ગાંધીનગર નિવાસી) અમારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. હસમુખલાલ વિઠ્ઠલદાસ ઠાકર તા. ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ઈશ્વર ને ગમ્યું તે ખરું, પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્મા ને શાંતિ આપે એજ પ્રભુન પ્રાર્થના.

॥ બેસણું ॥

સદ્ગતનું બેસણું તા. ૧૭/૧૧/૨૦૨૨ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.
**સ્થળ :** બ્રહ્મ ભવન, સેક્ટર-૧૬, રંગમંચની સામે, વિધ્યા લાઈબ્રેરીની પાછળ, સેક્ટર-૧૬ પીન - ૩૮૨ ૦૧૬

| | |
|---|---|
| ધર્મેશભાઈ એચ. ઠાકર (પુત્ર) | ૯૯૭૪૬૩૯૯૧૧ |
| જીજ્ઞેશભાઈ એચ. ઠાકર (પુત્ર) | ૯૭૨૬૯૮૦૧૬૫ |
| હિતેશભાઈ એમ. ઠાકર (ભત્રીજો) | ૯૮૯૮૪૦૦૪૮૧ |
| મહેશભાઈ એમ. ઠાકર (ભત્રીજો) | ૯૮૯૮૬૧૮૫૭૨ |
| અમીષાબેન બી. વ્યાસ (પુત્રી) | ૮૪૬૯૪૮૯૯૯૨ |
| ભાવેશભાઈ એમ. વ્યાસ (જમાઈ) | ૯૮૨૫૯૫૭૭૧૮ |
| યશ્વી ડી. ઠાકર (પૌત્રી) | |
| શિવાંશ જે. ઠાકર (પૌત્ર) | |
| જૈનિલ બી. વ્યાસ (નાતીન) | |

સમસ્ત ઠાકર પરિવાર

નોંધ : પિયર પક્ષ નું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

: પિયર પક્ષ :

ગિરીશભાઈ ભોગીલાલ જાની ૭૦૪૩૦૮૩૭૭૧
પરેશભાઈ રમેશચંદ્ર જાની ૯૮૯૮૨૮૪૮૫૧

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૨

# ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં તા. ૧૪મી નવેમ્બરના રોજ ૬૭ ઉમેદવારી પત્રોનું વિતરણ

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં આજે તા. ૧૪મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ કુલ-૬૭ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું છે.

આજના દિને ૧૪ ઉમેદવારી પત્રો જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં ભરાયા છે. ગાંધીનગર(દ)અને માણસા વિધાનસભા મતદાર વિભાગમાં આજદિન સુધી કોઇપણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં આજે ઉમેદવારી પત્ર વિતરણ અને ભરીને પરત આપવાના ચોથા દિવસે કુલ- ૬૭ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું હતું. જેમાં દહેગામમાં ૧૦, ગાંધીનગર(દ)માં ૧૫, ગાંધીનગર(ઉ)માં ૯, માણસામાં ૨૧ અને કલોલમાં ૧૨ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું હતું.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે આજના દિનમાં કુલ ૧૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં દહેગામ વિધાનસભા મતદાર વિભાગમાં સૌથી વધુ ૭ ઉમેદવારોએ આજે પોતાની ઉમેદવારી પત્રો ભરીને પરત કર્યા છે.

તેની સાથે આજના દિવસમાં ગાંધીનગર(ઉ) વિધાનસભા મતદાર વિભાગમાં બે અને કલોલ વિધાનસભા મતદાર વિભાગમાં પાંચ ઉમેદવારી પત્રો ભરીને પરત આવ્યા છે.

ગાંધીનગર(દ) અને માણસા વિધાનસભા મતદાર વિભાગમાં આજદિન સુધીમાં એકપણ વ્યક્તિ દ્વારા પોતાની ઉમેદવારી નોઘાવામાં આવી નથી.

# શહેર ભાજપ સાંસ્કૃતિક સેલ દ્વારા અગ્રેસર ગુજરાત અભિયાન અંતર્ગત ક્લાક્ષેત્ર સાથે સંકળાયેલ કલાકાર મિત્રોના સૂચન મેળવવા માટે કલાકાર મિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૧૩ નવેમ્બર ૨૦૨૨ના રોજ પ્રદેશ ભાજપના સંકલ્પપત્ર માટે અભિપ્રાય મેળવવા માટે ચાલી રહેલ અગ્રેસર ગુજરાત અભિયાનના ભાગરૂપે મહાનગર સાંસ્કૃતિક સેલ દ્વારા શહેર પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ શ્રી કમલમ, સે.૨૧ ખાતે ક્લાક્ષેત્ર સાથે સંકળાયેલ કલાકાર મિત્રોના સૂચન મેળવવા માટેના કલાકાર મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રદેશ ભાજપ સાંસ્કૃતિક સેલ સંયોજકશ્રી બિહારીભાઈ હેમુભાઈ ગઢવી, સહ સંયોજકશ્રી જનક ઠક્કર, શ્રી મહર્ષિ દેસાઈ, શ્રી મયુરભાઈ ચૌહાણ,



મહાનગર સંયોજક વિનોદ ઉદેચા, સહસંયોજક ભીખુદાન ગઢવી, મિતલલભાઈ શર્મા ઉપરાંત કલાક્ષેત્ર સાથે જોડાયેલા કલાકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને અગ્રેસર ગુજરાત ડ્રોપબોક્ષમાં પોતાના અભિપ્રાય જણાવી પ્રધાનમંત્રી રાજ્યમાં ફરી એક વખત જનતાના આશીર્વાદથી ભાજપા સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# દાંતા ૧૦ વિધાનસભા સીટ પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકાઓ આવેલા છે જેમાં ૯ વિધાનસભા સીટ પર ચુંટણી યોજાવા જઈ રહી છે. હાલની સીટો ની વાત કરવામાં આવે તો બનાસકાંઠા જિલ્લામા ૯ પૈકી ૭ સીટો કૉંગ્રેસ પાસે છે ત્યારે આ વખતે ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આપ દ્વારા કેટલી સીટો જીતશે તે આવનારા સમયમાં જોવા મળશે. દાંતા વિધાનસભાની આદિવાસી સીટ પર આ વખતે આદિવાસી ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામા આવ્યા છે ત્યારે આ સીટ કોંગ્રેસ જાળવી રાખે છે કે પછી ભાજપ જીતી જાય છે તે આવનારા સમયમાં જોવા મળશે.

આજે દાંતા ૧૦ વિધાનસભા સીટ પર ભાજપ,કોંગ્રેસ પક્ષના ઉમેદવારોએ ફોર્મ ભરતા પહેલાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. ભાજપ પક્ષ દ્વારા જિલ્લા પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણની આગેવાનીમાં મામલતદાર ઓફિસની બાજુમાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ દ્વારા શક્તિ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. ભાજપ દ્વારા વિજય મુહર્ત માં લાભુભાઈ પારઘી એ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. દાંતાના રાજવી પરમવીર સિંહ પણ જોડાયા હતા. બીજી તરફ કોંગ્રેસ પાર્ટી દ્વારા હોટલ સન પ્લાઝા ની બાજુમાં જાહેર સભા યોજીને ખૂબ જ મોટી સંખ્યામાં સમર્થકો સાથે દાંતા પ્રાંત અધિકારી ને ઉમેદવારી પત્ર સોંપ્યું હતું. ભાજપ કરતાં કોંગ્રેસમાં વધુ ભીડ જોવા મળી હતી. બનાસકાંઠા કોંગ્રેસના પ્રમુખ દિનેશભાઈ ગઢવી પણ હાજર રહ્યા હતા.મંગળવારે દાંતા પ્રાંત કચેરીમાં ૧૧ ઉમેદવારો વચ્ચે ૨૨ ફોર્મનું વિતરણ થયું હતું.

:- બન્ને પાર્ટીનાં ઉમેદવારોએ જીતના દાવા કર્યા :-

ફોર્મ ભર્યા બાદ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ જીતના દાવા કર્યા હતા. ૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થશે ત્યારે ખબર પડશે કે દાંતા વિધાનસભા સીટ પર કોંગ્રેસનો પંજો આવે છે કે પછી કમળ ખીલે છે કે પછી જાદુ જીતી જાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.